CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૦૦
તા.૦૯-૧૨-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૪ માગસર વદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૪ સૂર્યાસ્ત : ૦૫:૫૪

તાપમાન: ડીસા ૧૭.૬, અમદાવાદ ૧૫.૬, ગાંધીનગર ૧૬.૦, વડોદરા ૧૫.૪, સુરત ૧૬.૬, નલિયા ૧૨.૬

ચાંદી : ૩૭,૮૦૦ સોનું : ૨૯,૮૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# જિલ્લામાં પૂર સમયે કોંગ્રેસ સ્વિમીંગ પુલમાં હતી : મોદી

ભાભર ખાતે લાખોની જન મેદનીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી






પાલનપુર

ભારતીય જનતા પાર્ટીના વિધાનસભા ચૂંટણી પ્રચાર માટે ભાભર ખાતે પધારેલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રચંડ મેદની જોઈ રંગમાં આવી ગયા હતા. ૫૦ મીનીટના અસ્ખલીત ભાષમાં સૌને મંત્ર - મુગ્ધ કરીને પાંચ વિધાનસભા વિસ્તાર થરાદ, વાવ, કાંકરેજ, દિયોદર અને રાધનપુર માટે યોજાયેલ ચૂંટણી સભામાં કોંગ્રેસ ઉપર જોરદાર પ્રહારો કરતાં તેમણે જણાવ્યું હતું કે, પ્રજા માટે તો ભાજપ કોંગ્રેસના ભેદ પારખવામાં એક મીનીટથી વધુ ન લાગે અહી પુર હોનારત આવ્યું ત્યારે કોંગ્રેસ બેંગ્લોરના સ્વીમીંગ પુલમાં હતી જ્યારે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અહીના ધારાસભ્યો આખી સરકાર લોકોને બચાવવાના કામમાં લાગી ગઈ હતી. વડાપ્રધાન તરીકે અને ઉત્તર ગુજરાતની ધરતીના છોરૂ તરીકે હું પણ તાત્કાલીક દોડી આવ્યો અને જે જોઈએ તે હેલીકોપ્ટરો, એનડીઆરએફ, નેવી અને તાત્કાલીક

અનુસંધાન પાના નં.૨

## વડાપ્રધાનના પ્રવચનના અંશો

* જ્યારે પુર આવ્યું ત્યારે કોંગ્રેસવાળા કયાં હતા અને ભાજપ વાળા કયા હતાં ?
* આ કુતના સમયે જે લોકો બેંગ્લોર મજા કરતા હતા તેમને સજા કરો.
* મોરબીમાં અમે સંઘવાળા પાણીમાંથી મડદા કાઢતા હતા ત્યારે ઈન્દીરા ગાંધી નાકે રૂમાલ રાખી રહ્યા હતા.
* પુરના સમાચાર મળતાં મે તાત્કાલીક એરીયલ સર્વે કર્યો હતો.
* દુઃખના દિવસોમાં રાજકીય આટા પાટાથી દુર રહી માનવીય સંવેદના સાથે જીવવું જોઈએ.
* ખુરશીઓતો આવે ને જાય એકને રાજસભામાં મોકલવા ઉત્તર ગુજરાત કોંગ્રેસ સાફ કર્યું.
* પાણી પરબ બંધાવે તેને લોકો યાદ કરે છે., ભાજપે ઘર સુધી પાણી, ખેતર સુધી પાણી પહોંચાયું છે. ખેતર દેખાય તેની સાથે કમળ દેખાવું જોઈએ.
* મુખ્યમંત્રી વિજયભાઈને અભિનંદન, તેમણે ૦% વ્યાજથી લોન આપી છે. ગુજરાતની તિજોરીના નાણાં ખેડૂતોને કામ આવશે.
* મે નવુ બીડુ ઝડપ્યુ છે, દેશ ભરમાં ઈલેકટ્રીકની જગ્યાએ સોલાર પંપ પહોંચાડવાનું બીડુ ઝડપ્યું છે.
* મોદીને નહી હટાવો ત્યાં સુધી ભારત - પાક એકતા નહી થાય, લોકશાહીમાં ચૂંટણીમાં જીતીને આવેલાને હટાવવાનો અર્થ શું ? શું પાકિસ્તાનમાં મોદીની સોપારી આપવાની વાત હતી. ?
* મોદીનીફ રક્ષા કોણ કરશે ? આ ભારતીવાસીઓનો વિશ્વાસએજ મારૂ રક્ષણ છે મા અંબાનું મને રખોપું છે, મણીશંકર ઐયરના હલકા શબ્દોનો જવાબ ગુજરાતના મતદારો આપી દેશે.
* મારી વાતને ટપક સિંચાઈ ક્ષેત્રે સ્વીકારીને દાડમ, બટાટા, ફળ
* ફળાદિ, શાકભાજીમાં કરેલ કૃષિ ક્રાંતિના રેકોર્ડની હું દેશના અન્ય ભાગમાં વાત કરૂ છું.

## ગુજરાત વિકાસ રેલીની સાથે સાથે

નરેન્દ્ર મોદીના આગમન ટાણે મોદી - મોદીના નારાથી વાતાવરણ ગુંજી ઉઠ્યું. બનાસકાંઠામાં પુરની આફતમાં શંકરભાઈ તમારી જોડે રહ્યા હતા એ વાતનો ઉલ્લેખ કરતાં મેદનીએ ચીચીયારીઓથી વધાવી લીધા હતા. વિશાળ જનમેદનીને લઈને સુઈગામ, ભાભર, વાવ- ભાભરને જોડતા રસ્તાઓ પર કીડીયારૂ ઉભરાણું હતું અને કલાકો સુધી રસ્તાઓ ચક્કાજામ થઈ ગયા હતા. મોદીએ લોકોની પાણી બચાવવાની વાત સ્વીકારવા બદલ બનાસકાંઠા - પાટણના ખેડૂતોને માથુ ઝુકાવી નમન કર્યા. મોદીના ભાષણથી વિશાળ મેદની એકદમ મંત્રમુગ્ધ બનતાં મોદી - મોદીના નારાઓને લઈને મોદીએ પોતાનું ભાષણ પણ રોકવું પડ્યું હતું. પ્રવચનની શરૂઆતમાં ઝાડ પર ચડેલા યુવાનોને મોદીએ આગ્રહપુર્વક હેઠા ઉતાર્યા હતા. ધુળની ડમરીઓની જગ્યાએ લીલા ખેતરોમાં કમળ દેખાવાની વાત કરતાં આવાતને લોકોએ હર્ષોલ્લાસથી વધાવી હતી.

# પ્રિયંકા અને સોનિયાએ પણ મોદીનું અપમાન કર્યું છે તેમને કોંગ્રેસમાંથી હટાવોઃ અમિત શાહ

### ડીસા ખાતે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહની જાહેર સભા યોજાઈ






ડીસા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા મણિશંકરે નીચી જાતિના કહ્યા બાદ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તેનું રાજકારણ ગરમાઈ ગયું છે. શુક્રવારે ડીસા ખાતે યોજાયેલી જાહેર સભામાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે જણાવ્યું હતું કે વડાપ્રધાનનું અપમાન પ્રિયંકા ગાંધી અને સોનિયા ગાંધીએ પણ કરેલું છે તો શું કોંગ્રેસ તેમને પણ પાર્ટીમાંથી સસ્પેન્ડ કરશે તેવો વેધક સવાલ ઉઠાવ્યો હતો.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં બીજા તબક્કાના પ્રચારકાર્યમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ, મુખ્યમંત્રી વિજય રૂપાણી ત્રણેય જણાએ શુક્રવારે બનાસકાંઠાને ધમરોળ્યુ હતું.જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ડીસા ભાજપના ઉમેદવાર શશીકાંત પંડયાને જીતાડવા ડીસા હવાઈ પીલ્લર મેદાનમાં જંગી જાહેર સભાને સંબોધી હતી. અમિત શાહે સભા સંબોધતા જણાવ્યું હતું કે અમે વંશવાદની નહિ પરંતુ વિકાસ વાદનું રાજકારણ કરીએ છીએ. તેમણે કોંગ્રેસ ના નેતા મણિશંકર ઐયરે નરેન્દ્ર મોદીને નીચી જાતિના કહ્યા હોવાના નિવેદન અંગે જણાવ્યું હતું કે, અગાઉ લોકસભાની ચૂંટણી વખતે પ્રિયંકા ગાંધીએ પણ મોદીનું અપમાન કર્યું હતું તેમજ સોનિયા ગાંધીએ પણ વારંવાર મોદીનું અપમાન કર્યું છે તો શું કોંગ્રેસ તેમને પણ સસ્પેન્ડ કરશે તેવો વેધક સવાલ ઉઠાવ્યો હતો. અમિત શાહે રાહુલ ગાંધીના મંદિર જવા

અનુસંધાન પાના નં.૨

# ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈને તમામ સમાજનું સમર્થન

### ધાનેરામાં ભાજપને જીતાડવા સ્વૈચ્છિક,સામાજિક,વેપારી સંગઠનો મેદાનમાં




તા.પ્ર.તિ. ધાનેરા

ધાનેરા વિધાનસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવારને જંગી બહુમતીથી જીતાડવા અગાઉ તમામ સમાજ નો સંપૂર્ણ ટેકો મળી ચૂક્યો છે ત્યારે હવે ધાનેરાના તમામ વ્યાપારી,સામાજિક અને સ્વૈચ્છિક સંગઠનો એ પણ ખુલ્લુ સમર્થન કરી મેદાનમાં આવ્યા છે. ધાનેરા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈ ને તેમના લોકસંપર્ક કાર્યક્રમ દરમિયાન ગામેગામથી પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે. આ ઉપરાંત ધાનેરામાં વસતા તમામ સમાજોનો ની બેઠકમાં પણ સૌએ માવજીભાઈને જીતાડવા એક સુરે સંકલ્પ કરેલો છે. ત્યારે હવે ધાનેરાના તમામ વેપારી એસોસિયેશન, તમામ સામાજિક સંગઠનો તેમજ લાયન્સ ક્લબ, રોટરી ક્લબ, ભારત વિકાસ પરિષદ

અનુસંધાન પાના નં.૨

### ધાનેરામાં આજે કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાની સભા

ડીસા

ધાનેરા વિધાનસભા બેઠકમાં ભાજપે આ વખતે પ્રજાની પડખે રહેતા ધુરંધર રાજકીય અને સહકારી આગેવાન માવજીભાઈ દેસાઈને મેદાનમાં ઉતાર્યા છે. જેથી તેમને મત વિસ્તારમાં અભૂતપૂર્વ આવકાર સાંપડી રહ્યો છે. ગામેગામ તેમનું પ્રચાર અભિયાન સ્વયંભૂ વેગવંતુ બની ગયું છે. તેમના સમર્થનમાં અગાઉ ગુજરાતી ફિલ્મના સુપર સ્ટાર નરેશ કનોડીયા અને પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ઋત્વિક પટેલે વિશાળ જન સભાઓ સંબોધી ચુક્યા છે.

અનુસંધાન પાના નં.૨

# દાંતા મત વિસ્તારમાં ભાજપનું પ્રચાર અભિયાન નિરસ

### કોંગ્રેસ છાવણીમાં ખુશાલી છવાઈ

દાંતા

દાંતા વિધાનસભા બેઠકમાં અનેક દાવેદારોને પડતા મુકી ભાજપે માલજીભાઈ કોદરવીને પસંદ કર્યા છે તેથી ભાજપમાં થયેલ ભડકો મતદાન નજીક હોવા છતાં શમવાનું નામ લેતો નથી. જેથી ભાજપનું પ્રચાર અભિયાન નિરસ અને નિસ્તેજ રહેવા પામ્યું છે. જેના કારણે કોંગ્રેસ છાવણીમાં ખુશાલી છવાઈ છે.

કોંગ્રેસનો ગઢ ગણાતી દાંતા બેઠક ઉપર ભાજપે આશ્ચર્યજનક રીતે માલજીભાઈ કોદરવીને મૂકતા અનેક દાવેદારો ભડકી ઉઠયા છે. જેમને મનાવવાના ભરચક પ્રયાસો છતાં ભડકો આગ બનીને ભભૂકી ઉઠયો છે. જેના સંગઠન ઉપર સીધી અસર વર્તાય છે. કાર્યકરો સવારે ભાજપ કાર્યાલયે આવી આખો દિવસ ગપ્પાબાજીમાં દિવસો પ્રસાર કરે છે. હવે મતદાન આડે ગણતરીના દિવસો બાકી છે તેમ છતાં સંગઠન સુષુપ્ત રહેતા ભાજપનું

અનુસંધાન પાના નં.૨

## બેસણું



**સ્વ.ઇશ્વરભાઇ પીરાભાઇ રબારી**

સ્વ.તા.૦૮-૧૨-૨૦૧૭, શુક્રવાર

અમારા પુત્રશ્રી ઇશ્વરભાઇ પીરાભાઇ રબારીનું તા.૦૮-૧૨-૨૦૧૭ ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સદ્‌ગતનું બેસણું અમારા ફાર્મ હાઉસ પર તા.૧૧-૧૨-૨૦૧૭ ને સોમવારના રોજ રબારી સમાજના રીત-રીવાજ મુજબ રાખેલ છે.

સ્થળ : મુ.કાતરવા (ફાર્મ હાઉસ), તા.લાખણી, જિ.બ.કાં.

લિ.

રબારી પીરાભાઇ ગમાનભાઇ (પિતા)
રબારી અરજણભાઇ પીરાભાઇ (ભાઇ)
રબારી ઢેંગાભાઇ પીરાભાઇ (ભાઇ)
રબારી ચેતનભાઇ પરબતભાઇ (ભત્રીજા)
રબારી જીગ્નેશભાઇ ઇશ્વરભાઇ (પુત્ર)
રબારી શાહિલભાઇ ઇશ્વરભાઇ (પુત્ર)




CMYK

**સૂર્યોદય - ૭.૧૪ સૂર્યાસ્ત - ૫.૫૫**

## તિથિદર્શન

માગસર વદ-૭ શનિવાર ૨૦૭૪

૯ શ. | ૭ ગુ. | ૧૦ કે. | ૮ સુ.લ.બુ. શુ. | ૬ મં. | ૧૧ | ૫ | ૧૨ | ૨ ચં. | ૪ રા. | ૧ | ૩

વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર વદ :છઠ્ઠ શનિવાર નક્ષત્રઃ આશ્લેષા સાંજે ૬.૨૧ પછી મઘા યોગ : ઐંદ્ર કરણ :ગર આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

**ધર્મ શનૈઃ સંચિનુયાદ્ વલ્મીકમીવ મુક્તિકાઃ પરલોક સહાચાર્થે સર્વ ભૂતાન્ય પીડયન્**

'જે પ્રમાણે ઊધઈ અત્યંત ધીરજપૂર્વક ધીમે ધીમે પોતાનો રાફડો બનાવે છે તે જ પ્રમાણે માણસ પણ સર્વ પ્રાણીઓને ત્રાસ- પીડા આપ્યા વિના, પરલોકમાં પણ મદદરૂપ થાય એવી ગણતરીપૂર્વક, ધીમે ધીમે, શાંતિ અને ધીરજપૂર્વક ધર્મ અને પુણ્ય સંચય કરવાં જોઈએ.'

જ્યાં કોઈ ખાસ પગરવ- હલનચલન ન હોય, શાંતિ અને ગુફા જેવું એકાંત જ હોય, ત્યાં ઊધઈ પોતાનું 'આસન' જમાવે છે અને કોઈ પણ આધાર વિના પણ એવો ઢગલા જેવો દંડ ઊભો કરી દે છે. એ ઊધઈની સિદ્ધિ- સફળતા છે.

માણસે ધર્માચરણમાં પણ એવી કાળજી રાખવી પડે. કામ ભલે સારું અને સર્વના હિતમાં હોય, ધર્મોત્સવ હોય. દા.ત., 'નવરાત્રી' માતાજીની ગરબી- ગીત- રાસ અને ગરબા એક ધર્મોત્સવ જ છે. પણ પરીક્ષાના વાંચન સમયમાં જ મોટાં મોટાં સ્પીકરમાં ગવાતા રાસ- ગરબાનો અવાજ વિદ્યાર્થીને વિચલિત કરી દે અને વિદ્યાર્થીની માતાજીની પ્રત્યેની શ્રદ્ધા હલબલી જાય એટલા તેના નિઃશ્વાસ ધર્માચરણ કરનારા ઉત્સવી શ્રદ્ધાળુઓને કનડે છે.

મધમાખી પણ જેમ ધીમે મધ એકત્ર કરી મધપૂડો બનાવે છે એમ કોઈને નુકસાન કર્યા વિના ધર્માચરણ શાંતિ- શ્રદ્ધા અને ધીરજપૂર્વક થવું જોઈએ.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.**

**વૃષભ : (બ.વ.ઉ.) વડીલવર્ગની પ્રીતિ પ્રાપ્ત થાય. અટકેલા કાર્યો પૂર્ણ થાય.**

**મિથુન : (ક.છ.ઘ.)રચનાત્મક કાર્યમાં સફળતા મળે. આરોગ્ય અંગે સાવચેતી રાખવી હિતાવહ.**

**કર્ક : (ડ.હ.)નાણાંભીડ હળવી બને. મહત્વના કાર્યમાં સફળતા મળે.**

**સિંહ : (મ.ટ.) વિલંબથી કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ચકમક ઝરે.**

**કન્યા : (પ.ઠ.ણ.) પ્રિયજનથી વિરહ રહે. સંપત્તિને લગાત કાર્યોનો ઉકેલ મળે.**

**તુલા : (ર.ત.) ધંધાકીય કાર્યમાં લાભ મેળવી શકશો. પ્રવાસમાં લાભ થાય**

**વૃશ્ચિક :(ન.ય.) ખર્ચનો પ્રસંગ બને. ધંધાકીય કાર્યમાં વિઘ્ન આવે**

**ધન : (ભ.ફ.ધ.)વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. મનમાં મૂંઝવણ અનુભવાય.**

**મકર : (ખ.જ.)આકસ્મીક પ્રવાસનો લાભ મળે. આરોગ્ય અંગે સાવચેત રહેવું.**

**કુંભ : (ગ.શ.સ.)અકારણ મનમાં ચિંતા અનુભવાય. કોર્ટ-કચેરીના કાર્યોથી દૂર રહેવું.**

**મીન : (દ.ચ.જ.થ.)નાણાંભીડ તીવ્ર બને. કાર્યબોજ હળવો બને.**

# મોદીની મહેસાણા રેલીને લઈ આજે મજબૂત સુરક્ષા

અમદાવાદ

પાટીદારોના ગઢ ગણાતા મહેસાણામાં આવતી- કાલે શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભાનુ આયોજન કરવામા આવ્યુ છે.આ જાહેરસભા પાટીદારોના ગઢ એવા મહેસાણા ખાતે યોજાવાની હોઈ આ દ્રષ્ટિએ પણ મહત્વ ઘણુ વધી જતુ હોઈ સભામાં પ્રવેશ દ્વારથી લઈને સ્ટેજ સુધી કુલ મળીને ૨૦ જેટલા સીસીટીવી કેમેરા દ્વારા બાજ નજર રાખવામાં આવશે.બીજા તબકકાની ચૂંટણી માટેનો પ્રચાર તેના આખરી તબકકામા છે આ સમયે વડાપ્રધાન પાટીદારોના ગઢ એવા મહેસાણા ખાતે આવતીકાલે જાહેરસભાને સંબોધન કરવાના હોવાથી સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત બન્યા છે.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

**પ્રિયંકા અને ...**

**પાના નં.૧ ચાલુ**

પર સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે, અત્યારે રાહુલબાબા ગુજરાતની ચૂંટણી હોવાથી મંદિરે મંદિરે ભટકી રહ્યા છે જ્યારે બીજી તરફ કોંગ્રેસ રામમંદિર બાબતનો કેસ સુપ્રીમમાં આવ્યો તેને ૨૦૧૯ સુધી મુલતવી રાખવાની વાત કરી રહ્યા છે. તો ચૂંટણી પછી પણ પણ રાહુલ મંદિરમાં જાય તેમ જણાવ્યું હતું.

અમિત શાહે ગુજરાતમાં ૧૮ ડિસેમ્બરે પ્રચંડ સુનામી આવશે અને જે કોંગ્રેસના સુપડા સાફ કરી નાખશે તેમ જણાવ્યું હતું. ડીસામાં ભાજપના ઉમેદવાર શશીકાંત પંડ્યાને જીતાડવા તમામ કાર્યકરોએ મોબાઈલના માધ્યમથી મતદારો સુધી પહોંચવા પણ અપીલ કરી હતી.ડીસાની જાહેર સભામાં રાજસ્થાનના સાંસદ નારાયણસિંહ દેઓલ, પાટણના સાંસદ લીલાધર વાઘેલા, ડીસા વિધાનસભા ઈનચાર્જ મગનભાઈ માળી, ગુજરાત પ્રદેશ બક્ષી મોરચાના અધ્યક્ષ દિનેશભાઈ અનાવાડીયા, બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે, ડીસા નગરપાલિકાના પ્રમુખ પ્રવીણ માળી, ગોપાલક નિગમના પૂર્વ ચેરમેન સંજય દેસાઈ, ચાઈલ્ડ પ્રોટેક્શન બોર્ડના ડિરેક્ટર રાજુલબેન દેસાઈ, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજય બ્રહ્મભટ્ટ, તાલુકા પ્રમુખ લેબજી ઠાકોર, સહિત નેતાઓ, કાર્યકરો તેમજ ભાજપ પ્રેમી અનેક ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર જાહેર સભાનું સંચાલન જિલ્લા ભાજપ કારોબારી સદસ્ય ભગવાનભાઈ બંધુ અને ડીસા શહેર મહામંત્રી શ્રી ચેતનભાઈ ત્રિવેદીએ કર્યું હતું.

**ધાનેરામાં આજે ...**

**પાના નં.૧ ચાલુ**

જેના કારણે સર્વત્ર કેસરીયો માહોલ છવાયો છે ત્યારે હવે આજે તન. ૯/૧૨/૨૦૧૭ ને શનિવારે સવારે ૧૦ ક. ધાનેરાના લાલ ચોક ખાતે કેન્દ્રીય મંત્રી અને સ્પષ્ટ વક્તા પુરુષોત્તમ રૂપાલા જનસભા સંબોધશે. જે સભામાં લોકોને ઉમટી પડવા તાલુકા કોંગ્રેસ ભાજપ દ્વારા અનુરોધ કરાયો છે.

**ભાજપના ઉમેદવાર...**

**પાના નં.૧ ચાલુ**

સહિત તમામ સ્વૈચ્છિક સંગઠનો એ પણ માવજીભાઈને ખુલ્લુ સમર્થન જાહેર કરી ધાનેરા બેઠક પરથી જંગી બહુમતીથી જીતાડવા આહવાન કર્યું છે. ધાનેરામાં ધાનેરા ઉપરાંત પાંથાવાડા દાંતીવાડા વિસ્તારમાં પણ માવજીભાઈ દેસાઈ ને ગામે-ગામથી અભૂતપૂર્વ લોક સમર્થન સાંપડી રહ્યું છે. ધાનેરા બેઠક પર ભાજપને બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ લીડથી જીતાડવા પૂર્વ મંત્રી હરજીવન પટેલ, ધાનેરાના પૂર્વ ધારાસભ્ય મફતલાલ પુરોહિત ,વસંતભાઈ પુરોહિત, જીલ્લા પંચાયતના પૂવ પ્રમુખ રાજુભાઈ જોષી, દાંતીવાડા તાલુકા પંચાયત પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકી, ધાનેરા શહેર ભાજપ પ્રમુખ કાંતિલાલ ત્રિવેદી, તાલુકા પ્રમુખ જગદીશભાઈ પટેલ, દાંતીવાડા ભાજપ પ્રમુખ નટુભાઈ ચૌધરી, પંથાવાડા માર્કેટયાર્ડના ચેરમેન હરજીવનભાઈ ભુતડીયા, ધાનેરા માર્કેટયાર્ડના ચેરમેન ભગવાનદાસ પટેલ, ઘાનેરા પાલિકા પ્રમુખ આશાબેન પટેલ સહીત કાર્યકરો એકજૂથ થઈ કામે લાગ્યા છે .જેથી બનાસકાંઠા જિલ્લામાં માવજીભાઈ દેસાઈ ની સૌથી વધુ લીડથી જીત નિશ્ચિત છે.

**દાંતા મત...**

**પાના નં.૧ ચાલુ**

પ્રચાર અભિયાન નિરસ અને નિસ્તેજ થઈ ગયું છે. ગતરોજ હડાદમાં મુખ્યમંત્રીની સભામાં લોકોની પાંખી હાજરી તેનો બોલતો પુરાવો છે ત્યારે અણીના સમયે ભાજપનું સંગઠન વેર વિખેર થઈ જતા કોંગ્રેસ છાવણીમાં ખુશાલી છવાઈ છે. આમેય કોંગ્રેસ વર્તમાન ધારાસભ્ય અને પ્રજા સાથે જોડાયેલા કાન્તિભાઈ ખરાડીને 'રીપીટ' કરી પ્રથમ તબક્કે જ અડધી બાજી મારી લીધી છે અને હવે ભાજપથી ભડકેલી પ્રજા કોંગ્રેસ ઉમેદવારને ખુલ્લુ સમર્થન કરી રહી છે. તેથી આદિવાસી પ્રજા કોંગ્રેસ પોતાનો ગઢ જાળવી રાખશે તેમ જણાવી રહી છે. તેથી ભાજપને બેઠક જીતવી કપરા ચઢાણ ચડવા સમાન બની ગઈ છે.

**કોંગ્રેસ ભલે ...**

**પાના નં.૧ ચાલુ**

સહાય પુરી પાડી હતી. દુઃખમાં ભાગ કરે તેનેજ સ્વજન કહેવા. ૨૬ મી જાન્યુઆરના રોજ આવેલ ભૂકંપ વખતે હું દિલ્હી હતો અને રાત્રે તો રાધનપુર પહોંચી ગયો હતો. ૧૯૭૯ માં મોરબી મચ્છુ ડેમ હોનારત સમયે ભાજપ સંઘના કાર્યકરોએ કરેલ ઉતમ કામગી- રીથી માનવતાને મહેકાવી હતી. હમણાજ ઓખી વાવાઝોડા સમયે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અનેક જવાબદારીઓ છતાં લાવ લશ્કર સાથે પહોંચી ગયા હતા. આ ફરક છે ભાજપ અને કોંગ્રસના કલ્ચર વચ્ચે.

વિશાળ જનમેદનીને જોઈને પોતાના અલગ અંદાજમાં આવી ગયેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈએ વધુમાં જણાવ્યુંહતું કે માનવીય સંવેદના સાથે પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી તેવી ભાવના સાથે ભારતીય જનતા પાર્ટી કામ કરી રહી છે. ગુજરાતમાં આજે ક્યાંય કરફ્યુ નથી લાગતો. પ્રજા સલામત છે. માથાભારે તત્વોને નાબુદ કર્યા છે. આ ભાજપની સરકારના કામ છે. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસના ત્રણ જ સ્વભાવગત લક્ષણો છે કોઈ પણ કામને અટકાવવું, લટકાવવુ અને ભટકાવવું. નર્મદા મૈયાના સ્નાન કરવાથી સાત પેઢીનું પુણ્ય મળે ત્યારે આજે તો સાક્ષાત સ્વયં નર્મદા મૈયા ગામે ગામ પરિક્રમા કરવા નિકળ્યા છે. સભાને તેમણે પુછ્યુ હતું કે, બોલો કોંગ્રેસની સરકાર હોય તો આ શક્ય બનતું ? અને સભામાંથી ના ના નાનારા લાગ્યા હતા. અત્યારે ખેતરો લીલાછમ છે. અહીંયા ધુળની ડમરીઓ ઉડતી હતી. ભાજપે લોકોના ઘરના નળ સુધી નર્મદાના પાણી પુરા પડ્યા છે. આજે હિનદુસ્તાનમાં સૌથી વધુ દાડમ, બટાટા, ફળફળાદી શાકભાજી અહી થાય છે. ગુજરાતમાં ભાજપના શાસનમાં ફળફળાદીનુ ઉત્પાદન ચાર ઘણું, શાકભાજીનું ઉત્પાદન દશ ઘણું, દૂધનું ઉત્પાદન ચાર ઘણું, વન પેદાશ ત્રણ ગણી વધી છે. ડાકઝોન માંથી નિકળ્યા, વિજળી મળી, ભાજપ સરકાર આવી અને આખો પંથક પાણીદાર બન્યો છે. ગામમાં કોઈ પરબ બનાવે તો ગામ આખુ સાત પેઢી સુધી નગર શેઠ તરીકે ઓળખાવે. ભાજપનું આવડું મોટું કામ ભુલી જઈએ તો નગુણા ગણાઈએ. ઉદ્યોગધંધા ન હોય તેવા આ વિસ્તારમાં દેશ માટે પ્રેરણારૂપ સોલારપાર્ક આ સરકારે શક્ય બનાવ્યો છે. તેમણે ગુજરાત સરકારને પણ ૦% વ્યાજે ખેડૂતોને લોન પુરી પાડવા બદલ વિજયભાઈ રૂપાણી અને આનંદીબેનને અભિનંદન પાઠવ્યા હતા. નજીકના ભવિષ્યમાં ખેડૂતોને વિજળી બીલથી છુટકારો આપવા સરકારે સોલાર પાવરથી વિજળીની મોટરો ચાલે તેવું અભિયાન ઉપાડવા જઈ રહી છે.તેમ જણાવ્યું હતું. કોંગ્રેસની સરકાર હતી ત્યારે દેશમાં યુરીયાની અછત હતી. ખેડૂતોને હેરાનગતી હતી કારણ કે યુરીયા પાછલાં બારણેથી કેમીકલની ફેક્ટરીઓમાં પહોંચી જતુ હતું. ખેડૂતોની ભલાઈ માટે અમે નિમ કોટેડ કરી દીધું આને કારણે યુરીયાની તાકાત વધી ગઈ અને યુરીયા ખેતર સિવાય ક્યાંય કામમાં ન આવે તેવું થતાં આજે જોઈએ ત્યારે અને જેટલું જોઈએ તેટલું મળી રહે છે. કોંગ્રેસને વર્ષો સુધી તેમની સત્તા હતી ત્યારે આવું કરતાં કોણ રોકતું હતું પ્રશ્ન તેમને કર્યો હતો. યુરીયા નીમ કોટેડ થતાં ચોરીઓ બંધ થઈ ગઈ. તેમને મોદી ગમે ખરો ? સવાસો કરોડ દેશવાસીઓના આર્શીવાદથી આ કામ કરી શકું છું, મોતને મુંઠીમાં લઈનું ફરૂ છું. કોંગ્રેસના નેતા મણીશંકર ઐયરે મને જ નહી પણ તમને, ગુજરાતને, પછાત સમાજને ગાળો બોલી છે ત્યારે ગુજરાતની પ્રજા ચૂંટણીમાં પુરો ન્યાય કરશે તેવો મને વિશ્વાસ છે. આ પહેલા પણ કોંગ્રેસના નેતા પાકિસ્તાનમાં જઈને મોદીને હટાવવાની મદદ માંગી આવ્યા હતા. શું તેઓ મારી સોંપારી આપવા ગયા હતા ? મને તો મા અંબા સાચવે છે. અમારો વાંક શું ? ગુનો શું ? અમને તો પ્રજાએ ચૂંટીને બેસાડ્યા છે. કોઈનું પડાવી લીધું નથી. અમે દેશહિતમાં જ કામ કરીયે છીએ પછાત તે સર્જીકલ સ્ટ્રાઈક હોય કે ડોકલામ વિવાદ હોય, દુનિયા આખી આવા કાર્યોનું ગૌરવ કરે છે ત્યારે કોંગ્રેસ પ્રશ્નો પુછી રહી છે.

તેમણે ઉમેર્યુ કે આ જિલ્લાએ ટપક પધ્ધતી અપનાવીને કૃષિ ક્રાંન્તિ, દૂધ ક્રાંન્તિ, કરી છે અને સૂર્ય ઉર્જા ક્ષેત્રે ક્રાંન્તિ કરી છે. ઉત્તર ગુજરાતનું સંતાન દિલ્હીમાં બેઠું છે. ત્યારે તમને વિનંતી કરવા આવ્યો છું કે, ભારતીય જનતા પાર્ટીને કમળના નિશાન ઉપર બટન દબાવી વિજયી બનાવી ગાંધીનગરમાં પણ સત્તાના સુત્રો સોંપજો.

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ અગાઉ સભાને સંબોધતા જણાવ્યું હતું કે, પુરના સમયે અહી રહેવાથી લોકો પ્રત્યે લગાવ અને પોતીકાપણાનો ભાવ ઉભો થયો છે. પુરના સમયે સરકાર સમયસર કામગીરી ન કરી હોય તો તે મોરબીથી પણ મોટી હોનારત સર્જાઈ શકતી હતી. ગુજરાત રફતાર સાથે આગળ વધી રહ્યું છે. અને ભવિષ્યમાં પણ ઘણા કામ કરવાની ખાત્રી આપી હતી. આજે જ અંગ્રેજી અખબારમાં અહેવાલ આવ્યો છે. ભારતમાં ગુજરાત સહુથી વધુ દરે વિકાસ કરે છે અને નંબર વન પર છે તેનો ઉલ્લેખ કર્યો હોય. આ ચૂંટણીમાં કોઈ મોટો ચમત્કાર થયો હતો. તો ગઈકાલે સુધી લશ્કરે તોયબા કરતા હિન્દુ આતંકવાદ ખતરનાક છે તેવી વાતો કરતા રાહુલ ગાંધી આજે મંદિરે મંદિર ફરી રહ્યા છે. એક બાજુ કપિલ સિબ્બલ રામ મંદિર બનાવવામાં વિઘ્નરૂપ બની રહ્યા છે તો કોંગ્રેસ રામમંદિર બાબતે તેમનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ તેમ જણાવ્યું હતું. મોદી ને નીચી જ્ઞાતિના ગણીને હલકા શબ્દો વાપર્યા છે તેની પણ ટીકા કરી હતી. તેમણે ભાજપને મત આપીને વિજયી બનાવવા અપીલ કરી હતી. આજનું ગુજરાત ગાંધીનું, સરદારનું અને મોદીનું છે. ભૂતકાળમાં કોંગ્રેસના રાજ્યમાં દરેક શહેર કોઈને કોઈ માફીયાનું હતું. તેમણે ટેકાના ભાવે મગફળી ખીરદવાની પણ માર્ચ સુધી ચાલુ રહેશે તેમ જણાવ્યું હતું.

ચૂંટણીની વિજયી રેલીને સંબોધતા વાવથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શંકરભાઈ ચૌધરીએ જોશીલી જબાનમાં જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદી આ ધરતીનું એટલે કે, ઉત્તર ગુજરાતનું સંતાન છે. આપણા સાચા સ્વજન છે. સુખ - દુઃખના સાથી છે. જિલ્લાના પુરના સમયે તાત્કાલીક દોડી આવ્યા અને જે જોઈએ તે આપવાની વાત કરી હેલીકોપ્ટરો, એન.ડી.આર.એફ., નેવી, રૂપિયા આપ્યા, સ્વજન જ હુંફ અને શબ્દો બોલી શકે. આ વિસ્તારને તેની ઘણી ખુશી છે. નરેન્દ્રભાઈ મોદીને કોંગ્રેસના નેતાઓ જે ગાળાગાળી કરી રહ્યા છે તેમણે સમજી લેવાની જરૂર છે કે ગુજરાતના સંતાન માટે એલફેલ બોલો છો તે ગુજરાતી પ્રજા ક્યારેય નહી સ્વીકારે. ગુજરાતી પ્રજાએ તો બ્રીટીશ સલ્તનને પણ ઉખાડીને ફેંકી દીધી છે. કોંગ્રેસે ૫૦ વર્ષ સુધી આ જિલ્લાને પછાત રાખ્યો છે. ભાજપ સરકાર આવતા પાણી આવ્યું, દુષ્કાળ ગયા, વિજળી માટે ડીપી લેવા મહીનાના મહીના જતા રહેતા તે અત્યારે ૨૪ કલાકમાં મળે છે. પીવાના પાણી માટે વલાખા મારતા હતા. અમારા વાવ વિસ્તારમાં દાયકાઓના દાયકા સુધી શાસન છતાં કોલેજ નહોતી તે આજે ત્રણેય તાલુકામાં થઈ ગઈ છે. આ ઉપરાંત આઈટીઆઈ અને દિકરીઓને ભણાવવા માટે હોસ્ટેલ સહીતની વ્યવસ્થા થઈ ગઈ છે. પુરના સમયે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ક્યારેય ન મળી તેવી ઉદાર સહાય દરેકના ખાતામાં પહોંચી છે. આ બધા સુખને ટકાવવાની આપણા સહુની જવાબદારી છે. તે માટે બનાસકાંઠામાં તમામ જગ્યાએ કમળ ખિલાવો અને ઉમેદવાર નહી પણ સહું ચૂંટણી લડો છો તેવો સંકલ્પ તેમણે લેવરાવ્યો હતો.

આ વીજયી રેલીને થરાદ ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલ, કાંકરેજના ઉમેદવાર કિર્તીસીંહ, દીયોદરના ઉમેદવાર કેશાજી અને રાધનપુરના ઉમેદવાર લવીંગજી ઠાકોરે સંબોધી હતી અને ભારતીય જનતા પાર્ટીને જીતાડવા આહવાન કર્યું હતું.

આ ચૂંટણી સભાને બનાસકાંઠાના સાંસદ અને કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ અને કેન્દ્રીય મંત્રી પી.પી.ચૌધરીએ પણ સંબોધી હતી.આ પ્રસંગે બનાસકાંઠા ભાજપ પ્રભારી દુષ્યંતભાઈ, રાજ્યસભાના દંડક અને જિલ્લાના ચૂંટણી ઈન્ચાર્જ નારાયણજી પંચારીયા, પાટણ જિલ્લા ભાજપ પ્રભારી મયંક નાયક, પૂર્વ ધારાસભ્ય, ભાવસિંગજી ઠાકોર, માનસિંહજી વાઘેલા, નાગરજી ઠાકોર, વાવ રાણા ગજેન્દ્રસિંહ ચૌહાણ, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ધનજીભાઈ ગોહીલ, ભાભર તાલુકા પ્રમુખ ગગાજી ઠાકોર, પ્રદેશ મંત્રી નૌકાબેન પ્રજાપતિ, સહકારી અગ્રણીઓ અણદાભાઈ પટેલ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ નાગજીભાઈ દેસાઈ, ગજેન્દ્રસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારો સહીત મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.

**ડીસાના ભાજપ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

દીલીપભાઈ વકીલ, રાજુભાઈ વકીલ, રમેશભાઈ કચરાણી, ડોક્ટર પી પી ઠક્કર, મોતીલાલ આસનાની, આનંદભાઈ પી ઠક્કર, પ્રહલાદભાઈ સહયોગવાળા, પરેશભાઈ જીવરાણી, રમેશભાઈ સ્વાતીવાળા, પ્રકાશભાઈ રામપ્રસાદજી ઠક્કર, રવિભાઈ મીનરલવાળા મહેશભાઈ ઉદેચા સહિત અનેક આગેવાનો અને અખિલ રઘુવંશી લોહાણા સમાજ ના અંદાજે ૮૦૦ જેટલા રઘુવંશીઓએ ખાસ ઉપસ્થિત રહીને સમગ્ર રઘુવંશી લૉહાણા સમાજ વતી ખૂબ જ મકકમતા પૂર્વક ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શશીકાંતભાઈ પંડયા ને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો હતો. સમગ્ર મીટીગનું સંચાલન ભગવાનભાઈ બંધુએ કયુઁ હતું અને તારીખ ૧૪-૧૨-૨૦૧૭ને ને ગુરુવારે મોટી સંખ્યામાં સમયસર મતદાન કરવા સૌને અપીલ કરી હતી.

**વડગામ વિધાનસભા...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જિ.પં.ડેલિગેટ મૂકેશભાઈ ચૌધરી (રૂપાલ), પ્રદેશ કિસાન મોરચા મહામંત્રી ફલજીભાઈ પટેલ (સીસરાણા), મહામંત્રી ગોવિંદભાઈ એચ.ચૌધરી (નાંદોત્રા), મહામંત્રી દશરથજી ઠાકોર (નળાસર)રામજીભાઈ બેરા (ચિત્રોડા),પૂર્વ પ્રમુખ એલ.એસ જુવા(પાંચડા) વગેરે અગ્રણીઓએ ભાજપના ઉમેદવારને જંગી મતોથી જીતાડવા અનુરોધ કર્યો હતો.

બક્ષીપંચ મોરચા પ્રમુખ રમેશભાઈ ડી.વળાગાંઠ, તા.ભાજપ કોષાધ્યક્ષ મેઘરાજભાઈ એચ.દેસાઈ (નાનોસણા) મંત્રી જયંતીભાઈ બી.રાવળ (પૂર્વ સરપંચ સીસરાણા), ધોરીસરપંચ શ્રવણસિંહ ડાભી કબીરપુરા સરપંચ જગદીશભાઈ ચૌધરી, પેપોળ અગ્રણી રાજુભાઈ જોષી, નળાસર પૂર્વ સરપંચ વિજયસિંહ દેવડા,અનુ.જા મોરચા પ્રમુખ રાજેન્દ્ર દુધાભાઈ પરમાર (ફતેગઢ) વગેરે કાર્યકરોએ લોકસંપર્ક કાર્યક્રમમાં ડોર ટુ ડોર મતદારોને વિકાસને મત આપવા વિનંતી કરી હતી.

**દીક્ષા દાનેશ્વરી...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

રાત્રે ઈશાન દોશીએ ૧૪ મુમુક્ષુઓનો વિદાય સમારંભ કરાવ્યો. તા. ૨૨ નવેંબરે ૧૪ મુમુક્ષુઓનો ભવ્યાતિભવ્ય વરસીદાન વરઘોડો નીકળ્યો. તા. ૨૩ નવેંબરે ગુરુવારે દીક્ષા દાનેશ્વરી આચાર્યશ્રીએ ૧૪ રજોહરણ મુમુક્ષુઓને વારાફરતી આવ્યા ત્યારે અદભુત વાતાવરણ સર્જાયુ. હવે છેલ્લા ૨૦૦-૩૦૦ વર્ષના ઈતિહાસમાં ૩૮૪ દીક્ષા આપનાર એક માત્ર આચાર્યશ્રી ગુણરત્નસૂરિજી છે. દીક્ષા પ્રસંગમાં હાજર રહેનારા ગુરુભગવંતોમાં ૩૮૪ દીક્ષા દાનેશ્વરી આ.શ્રી ગુણરત્નસૂરિજી, આ.શ્રી કુલચંદ્રસૂરિજી, આ.શ્રી પુણ્યરત્નસૂરિજી, આ.શ્રી યશોરત્નસૂરિજી, આ.શ્રી રવિરત્નસૂરિજી, આ.શ્રી રશ્મિરત્નસૂરિજી, આ.શ્રી હંસકિર્તિસૂરિજી, આ.શ્રી રશ્મિરાજસૂરિજી આદિ ૧૨૦ સાધુ ભગવંતો તથા પ્રવર્તિની સા.શ્રી પુણ્યરેખાશ્રીજી આદિ ૨૦૦ થી વધુ સાધ્વીજી ભગવંતો તથા ૧૦ હજાર શ્રાવક- શ્રાવિકાઓની નોંધપાત્ર હાજરી રહેવા પામેલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ સુરતમાં ૮ મહિના સ્થિરતા કરી કુલ ૨૫ દીક્ષાઓ, પાલ ચાતુર્માસ, પાલ ઉપધાન, ૫૦૪ સિદ્ધિતપ, આદિ અનેક અનુષ્ઠાનો કરાવી જૈન શાસનનો ડંકો વગાડી શંખેશ્વરના સુખધામ વિહારમાં અઠ્ઠમ,૧૪ દિસેબરથી શંખેશ્વરથી પાલીતાણાનો છ'રીપાલક સંઘ, મેવાડ ભવનમાં પ્રતિષ્ઠા કરાવી ફરી ૮ માર્ચના સુરત પધારશે.

**ડીસાના અપક્ષ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ખાસ કરીને પૂરગ્રસ્તોને ન્યાય માટે તેમણે આપેલી લડતને સમાજના દરેક વર્ગે વધાવી હતી. ત્યારે આ પ્રશ્નોના નક્કર નિરાકરણ માટે તેમણે પ્રજાના પ્રતિનિધિ તરીકે અપક્ષ દાવેદારી નોંધાવી છે. જેથી તેમને લોકસંપર્ક દરમ્યાન પ્રચંડ જન સમર્થન મળી રહ્યું છે. શિયાળાની ઠંડીને ધ્યાને લઈ તેઓ ગામેગામ ખેડુતો અને પ્રજા સાથે ખાટલા બેઠકો યોજી રહ્યાં છે. જેમાં જનમેદની સ્વયંભુ હાજર રહી તેમને આવકારે છે ત્યારે ખેડુતોને પણ તેમના પ્રશ્નોના નિરાકરણની આશા બંધાઈ છે. તેથી ખેડુતો તેમને જીતાડવા સંકલ્પબધ્ધ બન્યા છે.

**પ્રજાના હિત...**

**અનુસંધાન ૪ નુ ચાલુ..**

જગદીશભાઈ દરજી, નારયણભાઈ શ્રીમાળી, ધીરજભાઈ ભાવસાર, ગણપત ભાઈ શ્રીમાળી વગેરે ભાજપના અગ્રણીઓ દ્વારા ભાજપના ઉમેદવાર વિજય ચક્રવર્તીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે વિજય ચક્રવર્તી એ સભા સંબોધીને બે દાયકામાં ગુ- જરાતમાં થયેલ વિકાસ કર્મોની ચર્ચા કરી હતી.અને પ્રજાના હિતના મુદ્દે ખડેપગે રહેવાની ખાતરી આપી હતી. જ્યારે ભાજપના ઉમેદવાર વિજય ચક્રવર્તીને પિલુચા ગામના આગેવાનો, કાર્યકરો અને યુવાનોએ જંગી મતોથી વિજયી બનાવવાની ખાત્રી આપી હતી. કાંમરાજભાઈ ચૌધરીએ સભાની અભારવિધી કરી હતી.

**કેશાજી ચૌહાણને...**

**અનુસંધાન ૪ નુ ચાલુ..**

ત્યારબાદ કેશાજી ચૌહાણે દીઓદર તાલુકાના મુલકપુર, ફોરણા, વાતમજુના, વાતમનવા, ચુંટણી બેઠકો કરેલ જેમાં તેમણે જણાવેલ કે આ વિસ્તારના વિકાસ માટે હું હંમેશાં જાગૃત રહું છું. આ પંથકની પ્રજાની કોઈપણ મુશ્કેલીને હલ કરવા મારો પુરેપુરો પ્રયાસ છે. અને રહેશે. પ્રજા તરફથી મળી રહેલા વ્યાપક અવકાર બદલ તેમણે ભાજપ પ્રત્યેના લોકોના વિશ્વાસને વધાવેલ.

**થરાદ...**

**અનુસંધાન ૪ નુ ચાલુ..**

કરેલા કામોને પણ અવગણી શકાય તેમ નથી. મતનું મેનેજમેન્ટ અને તેને મેનેજ કેમ કરવા તે બાબત પણ પરબતભાઈ પટેલનું જમા પાસુ છે. તદઉપરાંત અગાઉની કેટલી'યે ચૂંટણી લડી અને જીતવાનો અનુભવ પણ તેમના ભાથાનું તીર છે. હરીફ પાર્ટીમાં ગાબડું કેમ પાડવું તેનું પરફેક્ટ પ્લાનિંગ તેમની પાસે રહેતું હોય છે, જે પણ તેમની જીત માટે મહત્વનો મુદ્દો છે. આ ચુંટણીમાં ઈન્ટેલિજન્સના સરવે પ્રમાણે જો તેઓ પોતાનો ગઢ સાચવી રાખે અને દરેક સમાજને મેનેજ કરુ તો આ ચૂંટણી જીતવી એમના માટે આસાન છે અને ચોથી વખત પણ વિધાનસભામાં તેમને પહોંચતા કોઈ ન રોકી શકે.

ગામે-ગામના લોકો પરબતભાઈને જંગી બહુમતીથી જીતાડવાના વચનો આપી રહ્યા છે. દરેક સમાજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતની ભાજપ સરકાર દ્વારા કરાયેલા વિકાસને ધ્યાને રાખી થરાદમાં ફરીવાર ભાજપ સરકારને જીતાડવાનો મનસૂબો જાહેર કરે છે. ભાજપ સરકારનો આટલો ટેકો જોતા સપષ્ટ દેખાઈ રહ્યું છે કે કોંગ્રેસનું આ વખતે પણ થરાદમાં આવવું મુશ્કીલ છે.

**વડગામ બેઠકના...**

**પાના નં.૫ ચાલુ**

આયોજન કર્યું છે. પરંતુ કોંગ્રેસ કાર્યકરોને જ અંદરખાને તેમના પ્રત્યે ભારે નારાજગી છે. તેથી કોંગ્રેસ કાર્યકરો તેમની સાથે હોવા છતાં તેમનું શરીર ત્યાં પણ આત્મા મૂળ કોંગ્રેસના અપક્ષ ઉમેદવાર અશ્વિનભાઈ પરમાર સાથે હોવાનો ઘાટ ઘડાયો છે. જેથી જિજ્ઞેશ મેવાણીને મત વિસ્તારમાં બુથ મેનેજમેન્ટ કરવું દોહલું બની ગયું છે. તેમની સાથે મૂળ દિલ્હી, રાજસ્થાન અને મધ્યપ્રદેશના કાર્યકરો છે. જેઓ આ વિસ્તારની ભૂગોળ જાણતા નથી. જેના કારણે જિજ્ઞેશ મેવાણીના પ્રચાર અભિયાનનું સૂરસૂરીયું થઈ જતા હાલમાં ભાજપ અને અપક્ષ ઉમેદવાર અશ્વિનભાઈ પરમાર વચ્ચે જ ચૂંટણી ખેલાતી હોવાનો માહોલ જોવા મળી રહ્યો છે.

**કોંગ્રેસ સરકાર...**

**પાના નં.૫ ચાલુ**

એકવાર પુનરોચ્ચાર કર્યો હતો. રાહુલે ખેડૂતોને ૧૬ કલાક વીજળી આપવાની અને તેમના દેવા માફ કરવાની વાત પણ દોહરાવી ખાતરી આપી હતી. રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ખેડૂતોની કે જનતાની વાત કે વેદના કોઇ સાંભળતુ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકાર તેમની મનની વાત સંભળાવી જાય છે અને તેમનું ધાર્યુ જ કરે છે. છેલ્લા ૨૨ વર્ષોથી ગુજરાતમાં જનતાનો-પ્રજાનો અવાજ સંભળાતો નથી પરંતુ આ વખતે ગુજરાતની જનતાને સરપ્રાઇઝ મળવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિકાસની કે સ્થાનિક મુદ્દાઓની વાત નથી કરતા પંરતુ અફઘાનિસ્તાન, ચીન અને જમ્મુ-કાશ્મીરની વાત કરે છે. રાહુલ ગાંધીએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાને લઇને જણાવ્યું હતું કે, કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં પ્રજાલક્ષી અને લોકોનો કલ્યાણ અને ખુશહાલ જીંદગીની વાત કરી વચનો આપ્યા છે. કારણ કે, કોંગ્રેસ ગુજરાતના વસતા તમામ કુંટુંબોને ખુશહાલ જોવા ઇચ્છે છે. આ માટે કોંગ્રેસના નેતાઓ, આગેવાનો અને કાર્યકરોએ લોકોના ઘેર-ઘેર જઇ, ગામડે ગામડે ફરી લોકોના, ગ્રામજનોના અને સમાજના તમામ વર્ગ-સમુદાયની ઇચ્છા, અપેક્ષાઓ, પ્રતિભાવો, અભિપ્રાયો જાણ્યા અને સમજ્યા બાદ આ ચૂંટણી ઢંઢેરો તૈયાર કર્યો છે. રાહુલ ગાંધીએ નર્મદા મુદ્દે ફરી એકવાર મોદી સરકાર અને ભાજપને આડા હાથે લીધા હતા કે, છેલ્લા ૨૨ વર્ષોથી ગુજરાતમાં નર્મદાની વાતો થાય છે. શું તમને નર્મદાના પાણી મળ્યા ? જેથી ઉપસ્થિત જનમેદનીમાંથી નકારનો જવાબ ઉઠયો હતો. રાહુલે ફરી એકવાર ટાટા નેનો મુદ્દે મોદી સરકાર પર સીધા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસે મનરેગામાં રૂ.૩૫ હજાર કરોડ ફાળવ્યા હતા, જયારે મોદીજીએ તેટલી જ રકમ માત્ર એક કંપની ટાટા નેનોને ફાળવી દીધી. મોદીજીએ લોકોને રોજગારી આપવાનો વાયદો કરી પાંચ ગામોના ખેડૂતોની જમીન લઇ લીધી હતી અને ટાટા નેનો કંપનીને ફાળવી દીધી હતી પરંતુ લોકોને ના રોજગારી મળી કે નથી તો રોડ ફર નેનો ગાડી દેખાતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તમારી જમીનો, પાણી અને વીજળી છીનવી લેવાય છે અને તે મોદીજીના માનીતા ઉદ્યોગપતિઓને પધરાવી દેવાય છે. કચ્છના મુંદ્રામાં એક વ્યકિતને ૪૫ હજાર એકર જમીન માત્ર એક રૂપિયા પ્રતિ ચો.મીના ભાવે પધરાવી દેવાઇ અને આ વ્યકિતએ તમારી આ જમીનો થોડા મહિનાઓ પછી રૂ.ત્રણથી પાંચ હજારમાં એચપીસીએલ સહિતની સરકારી કંપનીઓને વેચી મારી..આમ કહી રાહુલ ગાંધીએ અદાણી જૂથને નિશાના પર લઇ લીધુ હતું. રાહુલે રાફેલ હવાઇ જહાજના કોન્ટ્રાકના મુદ્દે પણ વડાપ્રધાન મોદી પર સીધા પ્રહારો કર્યા હતા કે, મોદીએ અનુભવી સરકાર કંપની સાથેનો રાફેલ હવાઇ જહાજનો કોન્ટ્રાકટ રદ કરી હજારો કરોડની ઉંચી કિંમતે તે પોતાના ખાસ ઉદ્યોગતિને આપી દીધો કે જેણે કયારેય હવાઇ જહાજ બનાવ્યા નથી. આ ઉદ્યોગપતિના માથે રૂ.૪૫ હજાર કરોડનું તો દેવું છે. રાહુલ ગાંધીએ રાફેલ હવાઇ જહાજ ડીલ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પૂછેલા ત્રણ સવાલો આજે ફરીથી દોહરાવ્યા હતા અને તેમની પાસેથી જવાબની માંગણી કરી હતી. રાહુલે શિક્ષણ, બેરોજગારી, આરોગ્ય સેવા, ખેડૂતો અને મહિલા સુરક્ષા સહિતના મુદ્દે પણ મોદી સરકાર અને ભાજપને આડા હાથે લીધા હતા. રાહુલ ગાંધીએ છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં જોરદાર પ્રચાર જારી રાખ્યો છે.

**કોંગ્રેસ સમાજના...**

**પાના નં.૫ ચાલુ**

તેમને સ્વયંભૂ આવકાર મળી રહ્યો છે. ગઈકાલે પ્રચાર અભિયાન દરમ્યાન તેમણે કંસારીથી માંડી રસાણા નાના ગામોનો લોકસંપર્ક કરી જન સભાઓ સંબોધી હતી. જેમાં લાક્ષણિક અદામાં તેમણે જણાવ્યું હતુ કે ભાજપ ચાર- પાંચ ઉદ્યોગપતિઓનું જ હિત વિચારે છે જ્યારે કોંગ્રેસ સમાજના તમામ વર્ગનું હિત વિચારે છે. ચુંટણી ઢંઢેરામાં પણ કોંગ્રેસે સમાજના તમામ વર્ગની ચિંતા કરી કલ્યાણકારી યોજનાઓ જાહેર કરી છે જેનો અમલ થતા જ સાચા અર્થમાં કોંગ્રેસનું 'ખુશહાલ ગુજરાત' નું સ્વપ્ન સાકાર થશે. ત્યારે કોંગ્રેસને જીતાડવાની હાકલ કરી હતી. ગોવાભાઈ દેસાઈની સાથે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો પણ પ્રચાર અભિયાનમાં જોતરાયા છે.

**ચાણસ્મા કોંગ્રેસના...**

**પાના નં.૮ ચાલુ**

છે કે મોંઘવારી, સરકારી કચેરીઓના ધક્કા, અને પૈસા વગર કોઈ કામ થતું નથી. ગેરરીતિ અને લાગવગશાહીએ માઝા મુકી દીધી છે. ઉપરોક્ત ગામોમાં કાયદો- વ્યવસ્થાના લીરેલીરા ઉડી રહ્યા છે. ખાખીનો કોઈને ડર રહ્યો જ નથી. બેફામ દારૂ, લૂંટફાટના બનાવો વધી ચુક્યા છે. ત્યારે પ્રજાતંત્રને કોંગ્રેસને જ લાવવાનો અહેસાસ મનોમન થતો જોવા મળે છે અને લોકોને કોંગ્રેસ જ લાવવી છે એવી ચર્ચાએ ભારે જોર પકડ્યું છે. ચાણસ્મા વિધાનસભા મત વિસ્તારમાં ત્રિપાંખીયો જંગ જામ્યો છે પણ કોંગ્રેસ આવે છે તેવા સમીકરણ સાચા થઈ રહ્યા છે.

**કોટડામાં ઠાકોર...**

**પાના નં.૮ ચાલુ**

પૂર્વ ધારાસભ્ય અનિલભાઈ માળી, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ બી.કે.જોષી, જી.પી. સી.સી.ના સદસ્ય પ્રવિણસિંહ વાઘેલા, દેસાઈ સમાજના અગ્રણી માલજીભાઈ દેસાઈ, ઠાકોર સેનાના જીલ્લા પ્રમુખ મેલાજી ઠાકોર, ભરતભાઈ ઠાકોર(એડવોકેટ) સહીત મોટી સંખ્યામાં ઠાકોર સેનાના કાર્યકરો યુવાનો ઉપસ્થિત રહેલ. દીઓદર કોંગ્રેસ સમિતિના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલા ઠાકોર અગ્રણીઓને સંબોધતાં જણાવેલ કે સૌએ સાથે મળી કોંગ્રેસને ભવ્ય વિજય અપાવવાનો નિર્ધાર કરેલ. વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ.

# ભીલડી મેઈન બજારમાં પાર્લર દુકાનમાં ચોરી

## ટી.વી., ડી.વી.આર, રીચાર્જ કુપન તેમજ રોકડ રકમની ચોરી


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ભીલડી મેઈન બજારમાં રેલ્વે સ્ટેશન રોડ પર આવેલા માયાનંદ પાર્લર નામની દુકાનની પાછળના ભાગેથી દરવાજો તોડી અજાણ્યા તસ્કરો અંદર પ્રવેશ કરી એલ.ઈ.ડી. ટી.વી. સીસીટીવી કેમેરાનું ડીવીઆર રીચાર્જ કુપન તેમજ રોકડ રકમ ચોરી ગયા હતા.

મળતી માહિતી મુજબ ભીલડી રેલ્વે સ્ટેશન રોડ પર આવેલ પ્રજાપતિ રમેશભાઈ પૂંજાભાઈની માયાનંદ પાર્લર નામની દુકાનના પાછળના ભાગે રેલ્વે સ્ટેશન વિસ્તારની પડતર જમીન બાજુ આવેલ દરવાજાનું પતરૂ તોડી અંદર પ્રવેશ કરી બેસ્ટર્ન કંપનીનું ૩૨ ઈંચ એલ.ઈ.ડી. કિંમત રૂપિયા ૨૫૦૦૦/- દુકાનમાં લગાવેલ કેમેરાનું ડીવીઆર, રીચાર્જ કુપન રૂા. ૮૦૦૦/- તેમજ રોકડ રકમ રૂપિયા ૧૦,૦૦૦/- એમ કુલ મળી રૂપિયા ૫૩૦૦૦/- જેટલી રકમનો મુદ્દામાલ તસ્કરો ઉઠાવી જતાં ચકચાર મચી જવા પામી છે. પાર્લરની દુકાનમાં કેમેરા લગાવેલ હોવા છતાં કેમેરાનું ડીવીઆર ઉઠાવી જઈને નવી યુક્તિ અજમાવી તસ્કરોએ કામયાબી મેળવતા વેપારીજનોમાં પણ ફફડાટ વ્યાપી જવા પામેલ છે. ભીલડી મેઈન બજારની એકબાજુના પાછળના ભાગે રેલ્વેની પડતર જમીનમાં ગાંડા બાવળના ઝુંડ આવેલા હોવાથી ચોરોને ચોરીમાં સરળતા મળે છે. આ અંગે ભીલડી પોલીસ સક્રિય બની નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવે તેવી માંગ ઉઠી છે.

# નગરની ભુગર્ભ ગટરલાઈનનું પાણી તળાવમાં નાંખવાના મુદ્દે મતદાન બહિષ્કારની ચિમકી

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરપાલિકામાં રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેનના સમયકાળમાં કરોડો રૂપીયાના ખર્ચથી શહેરની મહત્વકાંક્ષી ભુગર્ભ ગટરયોજના બનાવવામાં આવી હતી.જોકે તેમાં મોટા પ્રમાણમાં ગેરરીતીઓ આચરવામાં આવતાં ભ્રષ્ટાચારના પરપોટા સ્વરૂપે નગરમાં ઠેરઠેર બહાર નિકળતાં નગરજનો ભારે હાલાકીઓ ભોગવી રહ્યા હતા.આ સમસ્યા નિવારવા માટે પાલિકા દ્વારા આ ગટરલાઈનનું પાણી નગરના જાહેરમાર્ગ પર આવેલા ટેલિફોન એક્સચેંજ પાસેના પિંપળીયા તળાવમાં વાળવામાં આવતાં આજુબાજુના રહીશો અકળાઈ ઉઠ્યાછે.


વિષ્ણુ દવે

આ અંગે પાલિકાના તાજેતરમાં પક્ષાંતરધારા હેઠળ સસ્પેન્ડ કરવામાં આવેલા નગરસેવક હિરાલાલ પ્રજાપતિ સહિત ગણેશ સોસાયટી, મહાલક્ષ્મી સોસાયટી,તળાવ આજુબાજુના થાણાશેરીના રહીશોએ પાણીપુરવઠા અને ગટરવ્યવસ્થા બોર્ડના નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત રજુઆત કરી છે.જેમાં જણાવ્યું હતુંકે ગંદાપાણીનો જાહેર તળાવમાં નિકાલ થવાના કારણે તીવ્ર વાસના કારણે રહેવું પણ મુશ્કેલ બનતાં ત્રાસદાયક સ્થિતીનો સામનો કરવો પડી રહ્યોછે.વળી ભારે રોગચાળો ફાટી નિકળવાની દહેશત છે. આથી આ ભુગર્ભ ગટરલાઈનનું પાણી પંપીગ સ્ટેશનની મોટરો ચાલુ કરીને યુદ્ધના ધોરણે ખેંચી લઈને તળાવમાં નિકાલ કરાતો અટકાવવાની માંગણી કરવામાં આવી હતી.જો તેમ કરવામાં નહી આવેતો સોસાયટીના તમામ રહીશોએ મતદાનનો બહિષ્કારની ચિમકી ઉચ્ચારી હતી.જેની તમામ જવાબદારી લાગતા વળગતા અધિકારીઓની રહેશે તેમ ઉમેરતાં નગરસેવક હિરાલાલ પ્રજાપતિએ જણાવ્યું હતુંકે આ અંગે પાલિકામાં પણ વારંવાર મૌખિક રજુઆત કરવામાં આવી હતી.

# ચૂંટણીઓ પૂરી થશે પણ ગામ-નગર સમાજને પરિવારની એકતામાં ઝેર ન નંખાય તેનું ધ્યાન રાખજો...

**સાચા લોકસેવક ચૂંટણી મતદાનની ફરજ અદા કરો**

કારણ વગરનું રાજકારણ
ચૂંટણી ચક્રવ્યુહ ૨૦૧૭
યશપાલસિંહ ટી.વાઘેલા

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન આજે પાંચના ટકરો બંધ થઈ ૮૯ બેઠકોના ઉમેદવારોનું ભાવિ વીવીપેટ-ઈવીએમ મશીનમાં કેદ થઈ જશે. ઘણા સમયથી હોદ્દા વચ્ચે હવે શું થશે? બીજા તબક્કાના મતદાનની તાલીમોને વ્યવસ્થામાં ચૂંટણી પંચના કર્મચારીઓ વ્યસ્ત જોવા મળે છે. આજે જે મતદાન મથક પર ગડબડ કે શંકા કુશંકા વચ્ચે મતદાન પ્રક્રિયા નહીં થઈ હોય ત્યાં પુનઃ મતદાનના આદેશો આવી જશે ને અઢારમી પહેલા મતદાન થશે. જે આગામી સમયના કલાકો જ બતાવશે. આપણે કારણ વગરનું રાજકારણ ચૂંટણી ચક્રવ્યૂહની કોલમ કોઈપણ જાતની ખેંચતાણ-પક્ષાપક્ષી વગર નિષ્પક્ષ રીતે રજુ કરવા પ્રયત્ન કર્યો છે. હાર-જીત કોઈપણની થાય પણ જીવનમાં નિખાલસતા મહત્વની બની રહે છે. પ્રથમ તબક્કાની માફક બીજા તબક્કાનું મતદાન પણ આવશે ને પૂરું થઈ જશે. રાજકીય વાવાઝોડું શાંત પડશે. સૌ સૌના સ્થાને જામી જશે. પરંતુ ગામ-સમાજ-પરિવાર- સોસાયટી- મહોલ્લા- વાસ- પરા ઘરઘરમાં એકબીજા સાથે અબોલા વેરઝેરની લાગણી ઠોકાયેલી રહેશે આવું કેમ ? હારવા-જીતવાવાળા સાથે બેસીને જલસા કરે છે ને તમે વગર કારણના વેરઝેર મનમાં રાખીને રિબાઈ રહ્યા છો. કારણ વગરનું રાજકારણ તો થાળે પડ્યું પણ તમે હજુ??? લોકશાહી છે તો ચૂંટણીઓ બે પાંચ મહિને વર્ષ આવતી રહેવાની કોણ હારે કોણ જીતે? તેની બહુ પરવા કર્યા વગર રમત-ગમતની સ્પર્ધા જેવી ખેલ દિલ્લી રાખો જીતવાવાળો કંઈ પરિવાર કુટુંબ ગામમાં કંઈ રેડી દેવાનો નથી કે હારવાવાળો કંઈ છીનવી નહી લે. ગામ- સમાજ- પરિવારની એકતા હંમેશા અકબંધ રહે તેવા પ્રયાસો કરી નેતાઓને આપણા ગામમાં સારા રોડ, રસ્તા, પાણી, સફાઈ, વીજળી, એસ.ટી. બસની સુવિધા મળે, ટેક્સ ઘટે, મોંઘવારીમાંથી રાહત મળે. ગામ - નગરમાં આડેધડ દબાણો ન થાય. નદી- પહાડના રેત- પથ્થરો ભૂખનન માફીયા રાત- દિવસ ચોરી ન કરે. સારી બાબતો પ્રત્યે જાગૃત બનો. ચૂંટાયેલા વ્યક્તિને એમ થવું જોઈએ કે આ તાલુકા વિધાનસભા ગામ- નગર વિસ્તારનો વિકાસ કર્યા સિવાય છુટકો નથી. નહીતર આ પ્રજાની એકતા આપણને છોડશે નહીં. વધુ આવતા અંકે... આજે ક્યાં કેટલું મતદાન થાય છે. એકતામાં જ ઈશ્વરનો વાસ છે.

# વડગામના પરખડી ગામે તસ્કરો ત્રાટક્યા

તા.પ્રતિનિધિ વડગામ

ગુરૂવારની મોડી રાત્રિએ કડકડતી ઠંડીનો લાભ ઉઠાવી વડગામના પરખડી ગામની દુધમંડળીમાં કોઈ અજાણ્યા ચોર ઈસમો રૂા. ૩૫૦૦૦/- રોકડ ઉઠાવી ફરાર થઈ જતાં ગામમાં ચકચાર મચી જવા પામી છે. શિયાળો જામતાં જ વડગામ પંથકમાં ચોરીઓનો ઉપદ્રવ વધ્યો છે. પરખડી દુધ ઉત્પાદક સહકારી મંડળી ચેરમેન રમેશભાઈ ડી.વળાગાંઠ, મંત્રી દિનેશભાઈ મેઘરાજભાઈ પટેલે વડગામ પોલીસ મથકે લેખિત જાણ કરી હોવાનું જાણવા મળે છે.

પરખડી દુધમંડળીની જાળી તોડી ગોડાઉનમાં થઈને ડેરીના મુખ્ય કાર્યાલયમાં જમા થયેલ રૂા. ૩૫૦૦૦/- ની કેશ હતી તે તસ્કરો ઉઠાવી ફરાર થઈ ગયા હતા.

# ડીસાના અપક્ષ ઉમેદવારને જીતાડવા ખેડૂતો સંકલ્પબદ્ધ

## ખાટલા બેઠકોમાં આમ પ્રજાનું સમર્થન

ડીસા

ડીસા તાલુકાના ખેડુતોને પોષણક્ષમ ભાવ અને દરબાર ઠાકોર સમાજમાં શિક્ષણના અભિયાનની જ્યોત જગાવનાર બહાદુરસિંહ વાઘેલાએ પૂરગ્રસ્તોને ન્યાય સહિત આમ પ્રજાને મુંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે અપક્ષ ઉમેદવાર તરીકે વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. જેથી સમાજના દરેક વર્ગમાંથી તેમને આવકાર મળી રહ્યો છે. ત્યારે મત



વિસ્તારમાં ખાટલા બેઠકોમાં ખેડુતો તેમને જંગી બહુમતિથી જીતાડવા સંકલ્પબદ્ધ બન્યા હતા.

ડીસા તાલુકાના ખેડુતોને બટાટા સહિતના પાકોના પોષણક્ષમ ભાવ મળે અને દરબાર- ઠાકોર સહિત સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે અભિયાન ચલાવનાર બહાદુરસિંહ વાઘેલાને અનેરી લોકચાહના મળી છે

અનુસંધાન પાના નં.૨

# ડીસા શહેર ભાજપ દ્વારા ડાયમંડ, એલ.ડી.પાર્ક રત્નમણીમાં મીટીંગ યોજાઈ

ડીસા

ડીસા શહેર ભાજપ દ્વારા દરરોજની વોર્ડવાઈઝ ત્રણ મીટીંગોના ક્રમ મુજબ ગઈકાલે તા.૮/૧૨/૨૦૧૭ ને શુક્રવારે ડાયમંડ સોસાયટી, એલ.ડી.પાર્ક અને રત્નમણી સોસાયટી વિગેરે વિસ્તારોમાં લોકસંપર્ક મીટીંગ યોજાઈ હતી. દરેક મીટીંગ માટે સ્થાનિક વિસ્તારના ભાજપના ન.પા. સભ્યો અને સ્થાનિક ભાજપ કાર્યકરોએ સફળ આયોજન કર્યુ હતું. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહના પ્રેરણાદાયી પ્રવચન પછી કાર્યકરોમાં અભૂતપૂર્વ ચેતના અને ઉત્સાહ, ઉમંગ ઉભરાઈ રહ્યા છે અને પ્રજા પણ ઉમળકાભેર જંગી વિજયનો પ્રતિભાવ આપી રહી છે તે આજની મીટીંગોના માહોલથી પુરવાર થતો હતો.

ડીસા શહેરમાં વિવિધ સમાજો દ્વારા મીટીંગો બોલાવી ભાજપના ઉમેદવાર શશીકાંતભાઈને સમર્થન જાહેર કરવાનો સ્વયંભૂ ઉમળકો પ્રગટ થયો છે. જેમાં રઘુવંશી લોહાણા સમાજની મીટીંગ યોજાઈ હતી. જેમાં વિશાળ સંખ્યામાં લોહાણા સમાજના ભાઈઓએ હાજર રહી શશીકાંતભાઈને જંગી બહુમતીથી વિજયી બનાવવા ભગવાનભાઈ બંધુ તેમજ અન્ય આગેવાનોની હાકલને વધાવી લીધી હતી.

# દીક્ષા દાનેશ્વરી આ.શ્રી ગુણરત્નસૂરિજીની નિશ્રામાં પાલમાં ૧૫૮ ઉપધાનના તપસ્વીઓએ મોક્ષમાળા પહેરી

**ઉમરા બલર ફોર્મમાં પ્રવજ્યા પર્વમાં ૧૪ મુમુક્ષુઓએ દીક્ષા અંગીકાર કરી : હવે શંખેશ્વરમાં પોષ દશમીના અઠ્ઠમ : તા.૧૪ ડિસેમ્બરે પાલીતાણાનો વિરાટ છ:રીપાલક સંઘ**

ડીસા

પૂજ્યપાદ ૩૮૪ દીક્ષા દાનેશ્વરી આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સાનું પાલ જૈન સંઘમાં ઐતિહાસિક ચાતુર્માસ પૂર્ણ થયું. સંપૂર્ણ ભારતમાં આ વર્ષે સર્વાધિક ૫૦૪ સિદ્ધિતપના ખુબ જ યશસ્વી પારણા થયા. પારણાના દિવસે પણ લગભગ ૨૦ હજાર જનમેદનીએ પારણાની અનુમોદના કરેલી. ગુરુરામ પાવનભૂમિમાં દશેરાથી ભાનપુરા (રાજ.) નિવાસી સંઘવી ભુરીબેન કસ્તુરચંદજી રાઠોડ પરિવાર આયોજિત ભવ્ય ઉપધાન તપમાં ૨૭૫ આરાધકો જોડાયા. ૬ વર્ષથી ૧૫ વર્ષના ૬૦ બાળકો અને ૬૦ પુરુષો જોડાયા. તા. ૧૭ નવંબરે ૨૦ હજાર માનવમેદની અને અનેક આચાર્ય ભગવંતોની નિશ્રામાં ૧૫૮ તપસ્વીઓએ મોક્ષમાળા ગ્રહણ કરી.

શ્રી પીપલોદ- ઉમરા બલર ફાર્મમાં ઉભી કરેલી વિરાટ શ્રી પ્રેમ-ભુવનભાનુ- જયઘોષ-જિતેન્દ્રસૂરિજી પ્રવજ્યા નગરીમાં તા. ૨૧ નવંબરે સામુહિક ૧૫ દીક્ષા માટે 'પ્રવજ્યા પર્વ' નો પ્રારંભ થયો. પૂજ્ય ગુરુ ભગવંતોનો મંગલ પ્રવેશ પાર્લે પોઈન્ટથી થયો. મંડપમાં પ્રવચનો થયા. આચાર્યશ્રી યશો- રવિ- રશ્મિરત્નસૂરિજીના આચાર્ય પદના ૧૦ માં વર્ષે પ્રવેશ અને પ્રવર્તિની સા.શ્રી પુણ્યરેખાશ્રીજીના પ્રવર્તિની પદના ૨૧ મા વર્ષે પ્રવેશ નિમિત્તે ૧૪ મુમુક્ષુઓ તથા આયોજક ગંજીબેન અંબાલાલ તલકચંદ મહેતા પરિવારના નિરવભાઈ, પ્રણવભાઈ, પિતા નવીનભાઈ આદિએ રજત મુદ્રાથી વધામણા કર્યા. બપોરે કપડા રંગવાનુ મુહુર્ત થયું.

અનુસંધાન પાના નં.૨

# વડગામ વિધાનસભા મત વિસ્તારમાં કેસરીયો માહોલ

## ભાજપ ઉમેદવાર વિજય ચક્રવર્તીને ગામેગામ જનસમર્થન

તા.પ્રતિ વડગામ

બનાસકાંઠાની વડગામ વિધાનસભા બેઠક વર્ષોથી કોંગ્રેસનો ગઢ ગણાય છે અહી મુસ્લિમ, ક્ષત્રિય, ઠાકોર અને ચૌધરી સમાજના મતદારોનું પ્રભુત્વ છે. ત્રણે સમાજોના સૌથી વધારે મતો હોઈ ઉમેદવારને વિજય અપાવવા ઉપરોક્ત મતદારો નિર્ણાયક બન્યા છે, આ વખતે ભાજપના ઉમેદવાર વિજય ચક્રવર્તી સામે કોંગ્રેસ પક્ષે ઉમેદવાર મુક્યા નથી જેથી આ બેઠક ભાજપ માટે નિશ્ચિત બની છે. સામે પક્ષે બે અપક્ષ ઉમેદવારોમાં કોંગ્રેસની


પુષ્કર ગોસ્વામી

વિચારધારાવાળા મતદારોમાં ભાગલા હોઈ ભાજપની વડગામ બેઠક એક તરફી ભાજપના ફાળે જશે તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. દરમ્યાન ગઈકાલ તારીખ ૮-૧૨-૨૦૧૭ને શુક્રવારે ઉમેદવાર વિજય ચક્રવર્તીએ વડગામ અને મુમનવાસ જિલ્લા પંચાયત બેઠકમાં લોક સંપર્ક કર્યા હતો જ્યાંતે ઓને સર્વત્ર આવકાર મળ્યો હતો. વડગામ વિધાનસભા ઈન્ચાર્જ કેશરભાઈ. જે વાયડા (ચાંગા)તા.ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ.જે રાણા (કોદરાકામ), માર્કેટયાર્ડ અને તાલુકા સ.સંઘ ચેરમેન કે.પી ચૌધરી (માહી),પૂર્વ પ્રમુખ અને બનાસડેરી ડિરેક્ટર ફલજીભાઈ વિ.પટેલ (વરસડા),

અનુસંધાન પાના નં.૨

# ડીસાના ભાજપ ઉમેદવારને અખિલ રઘુવંશી લોહાણા સમાજનું સમર્થન

ડીસા

ડીસા જલારામ મંદિર ખાતે આવેલ શ્રી જલારામ સેવા સદનમાં તારીખ ૭-૧૨-૨૦૧૭ને ગુરુવારે રાત્રે યોજાયેલ અખિલ રઘુવંશી લોહાણા સમાજ ડીસાની મીટીગમાં ખૂબ જ મોટી સંખ્યામાં આગેવાનો અને જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહીને ભારતીય જનતા પાર્ટીના યુવાન, ઉત્સાહી, નીડર અને કર્મઠ ઉમેદવાર શશીકાંતભાઈ પંડયાની તરફેણમાં મતદાન કરવા અતિ મહત્વનો નિર્ણય કર્યો હતો. આ મીટીંગમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શશીકાંતભાઈ પંડયા, વિધાનસભા ઈન્ચાર્જ મગનભાઈ માળી, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, ડીસા નગરપાલિકાના પ્રમુખ પ્રવિણભાઈ માળી, ડીસા નગરપાલિકા શાસક પક્ષના નેતા નિલેષભાઈ ઠક્કર, બનાસકાંઠા જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ મહેશભાઈ દવે, બનાસકાંઠા જિલ્લા બક્ષી મોરચાના પ્રમુખ રમેશભાઈ દેલવાડીયા, જીલ્લા ભાજપ કારોબારી સદસ્ય ભગવાનભાઈ બંધુ, જાણીતા કથાકાર યશવંત શાસ્ત્રીજી, કચ્છના રામભા ગઢવી, પાલનપુરના આગેવાનો જયંતિલાલ ફાફડાવાળા, વિનોદભાઈ કેપ્ટન, મહેશભાઈ ફાફડાવાળા સહિત અનેક આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ મીટીંગમાં અખિલ રઘુવંશી લોહાણા સમાજ ડીસાના આગેવાનો ડોક્ટર કિશોરભાઈ આસનાની, શાંતિભાઈ વકીલ, દયારામભાઈ ઠક્કર, નટુભાઈ આચાર્ય, અતુલભાઈ એસ ઠક્કર કમલેશભાઈ શીવસેનાવાળા, ગોવિંદભાઈ ભાગચંદાની, વિક્રમભાઈ વકીલ, દીલીપભાઈ ઠરિયાણી, કમલેશભાઈ ઠક્કર, અરવિંદભાઈ કારિયા, અતુલભાઈ પહેલીવાળા, રજનીભાઈ કુવરવાળા, રાજુભાઈ બુલચંદજી ઠક્કર, બાબુભાઈ પ્રાઈમવાળા, પ્રકાશભાઈ આસનાની, શશીકાંતભાઈ ડી ઠક્કર, નરેશભાઈ આચાર્ય, જગદીશભાઈ પૂજારા,

અનુસંધાન પાના નં.૨

# ડીસા ભાજપ ઉમેદવારનો આજનો લોકસંપર્ક

ડીસા

ડીસા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર શશીકાંતભાઈનો તાલુકા જિલ્લા નેતાઓ સાથેનો ગ્રામ્ય વિસ્તાર લોક સંપર્ક કાર્યક્રમ મુજબ તા.૯/૧૨/૨૦૧૭ ને શનિવારે જાવલ, રોબસનાની, રોબસમોટી, ફાગુદ્રા, બુરાલ, પટેલવાસ, બુરાલ ઠાકોરવાસ, વીઠોદર, તાલેગઢ ભાચરવા, કોચાસણા વિગેરે ગામોનો પ્રવાસ યોજાશે.

# વરવાડીયા ગામે જીવલેણ હુમલા કેસમાં છ આરોપીઓને બે વર્ષની કેદ

પાલનપુર

પાલનપુર તાલુકાના વરવાડીયા ગામે ખેડૂત પરિવાર ઉપર જીવલેણ હુમલો કરવાના કેસમાં પાલનપુર કોર્ટે આરોપીઓને બે વર્ષની કેદની સજા ફટકારતાં કોર્ટ સંકુલમાં સોંપો પડી ગયો હતો.

કેસની ટુંકી વિગત મુજબ પાલનપુર તાલુકાના વરવાડીયા ગામે જીતેન્દ્રકુમાર કાળુભાઈ કોરોટ તથા તેમના ભાઈ કામરાજભાઈ તેમજ માતા ગંગાબેન તા.૨૪/૦૫/૨૦૧૧ ના રોજ ખેતરમાં આવેલા ઘરે હતા ત્યારે શામળભાઈ ભીખાભાઈ પટેલ, નરેશભાઈ ભીખાભાઈ પટેલ, ભાવાભાઈ ભીખાભાઈ પટેલ, હેમુભાઈ સરદારભાઈ પટેલ, અવચળભાઈ ધનાભાઈ પટેલ તમામ રહે. ભુતેડી, તા. પાલનપુર અને મોહનભાઈ સેંધાભાઈ માજીરાણા, રહે. કાળીમાટી, તા. અમીરગઢવાળાઓએ લાકડી, તલવાર અને ધારીયા વડે હુમલો કર્યો હતો. જે અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જે બાબતનો કેસ ત્રીજા એડીશનલ સીવીલ જજશ્રી આસીફ એ. મેમણની કોર્ટમાં ચાલી જતાં કોર્ટે તમામ છ આરોપીઓને ત્રણ અલગ અલગ કેસમાં બે વર્ષ એક માસની કેદ અને રૂા.૧૬૦૦/- નો દંડ ફટકાર્યો હતો.

# ચાણસ્મા ભાજપના ઉમેદવાર દિલીપ ઠાકોરને કરેલા કામો જ જીતાડશે


રાજુ ઠક્કર

જિલ્લા પ્રતિનિધિ પાટણ

ભાજપના ઉમેદવાર દિલીપકુમાર ઠાકોર ગતરોજ સવારથી તેમના વિસ્તારના રૂપપુર, સરદારપુરા, જીતોડા, જાખાના, કેશણી, ઝલથાણીયા, ધાણોધરડા, સુણસર, આંબલીપુરા, સીતાપુરા, કમાલપુર, ગંગાપુરા, ધીણોજ, રેલ્વેપુરા, કોરડા, વડાવલી વગેરે ગામોનો લોકસંપર્ક કર્યો હતો. જે ગામોમાં મતદાતાઓનો એક જ સુર હતો કે તમોએ અમારા જે કામ એક જ વખત કહેવાથી કર્યા છે અને તમો અમોને હેતથી મળવા આવ્યા છો તો માથાભેર પરંતુ વોટ આપવાની બાબતે કહેવુ નહીં પડે. અમે અમારી ફરજ ભુલી જઈએ એવા નથી. તમે પાંચ વર્ષમાં ક્યારેય અમોને છેટા રાખ્યા નથી. અમારા સુખ અને દુઃખના સમયે તમે હાજરી આપી છે માટે હવે આ ચુંટણીમાં અમારી હાજરી તમારા માટે ચોક્કસ હોય જ.

ખરેખર ચાણસ્માની સીટ ઉપર ત્રીપાંખીયો જંગ છે તેવુ ચર્ચાય છે પરંતુ જીતના પાક્કા ઉમેદવાર પ્રજા માનસમાં દિલીપકુમાર વીરાજી ઠાકોર જ છે. તેવું ચોક્કસ કહી શકાય. કારણ કે આ પ્રજાનો સુર છે અને ઉમેદવારની પરીક્ષા આ વિસ્તારમાં આવા સમયે જ નીતિ હોય છે. પરંતુ દિલીપકુમારને ૧૦૦ માર્કસ જનતા જનાર્દન આપે છે. તેથી તેમની જીત પાકી મનાય છે.

# કાંકરેજ તાલુકામાં કેસરીયો માહોલ

## કિર્તીસિંહ વાઘેલાને ઠેર ઠેર પ્રચંડ પ્રતિસાદ

(પ્રતિનિધિ) થરા

કાંકરેજ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર કીર્તીસિંહ વાઘેલા સમર્થકો સાથે મત વિસ્તારના ગામોનો ઝંઝાવાતી ચૂંટણી પ્રવાસ ખેડી રહ્યા છે તેથી તાલુકાભરમાં કેસરીયો માહોલ છવાયો છે. ૨૦૧૨ ની ચૂંટણી બાદ કિર્તીિં સહ વાઘેલા હરહંમેશ પ્રજાની પડખે રહ્યા છે. ગત જુલાઈ મહીનામાં આવેલ પુર વખતે પણ તેઓ અસરગ્રસ્તોની સાથે રહી સહાય અને પુનઃ વસનમાં સહાયભૂત થયા હતા. તેમની લોકચાહના પારખી ભાજપ મોવડી મંડળે તેમને ફરી તક આપી છે. તેથી તેમના હજારો સમર્થકો અને કાર્યકરો દ્વારા સ્વયંભૂ પ્રચાર અભિયાન વેગવંતુ બની ગયું છે. તેઓ પણ સમર્થકો સાથે મત વિસ્તારના ગામોનો ઝંઝાવાતી પ્રવાસ કરી રહ્યાં છે. ગઈકાલે બુધવારે તેમણે રાણપુર, ભલગામ, સવપુરા, ખેંગારપુરા, સિયા, ઓઢા, ટોટાણા, સુદોસણ વિગેરે ગામોનો લોક સંપર્ક કર્યો હતો. જ્યાં તેમને ગામલોકોએ આવકારી જીતાડવાની ખાત્રી આપી હતી. તેમની સાથે અણદાભાઈ પટેલ, સુખદેવસિંહ સોઢા, અમરતભાઈ ઠક્કર, હરગોવનભાઈ શિરવાડીયા, દેવેન્દ્રસિંહ ઝાલા (પ્રોફેસર), દેવજીભાઈ પટેલ, રાજુભાઈ પ્રજાપતિ, રામજીભાઈ દેસાઈ વિગેરે જોડાયા હતા.

**ભાજપના ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલાને ગામે ગામથી સમર્થન સાંપડી રહ્યું છે ત્યારે ગતરોજ સણદપુર ગામના સરપંચ જોરાજીએ પણ તેમના ટેકેદારો સાથે તેમને સમર્થન આપ્યું હતું.**

# આર્ટસ કોલેજ લવાણામાં ''મતદાન જાગૃતિ'' કાર્યક્રમ યોજાયો


હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

ગત તા. ૦૭/૧૨/૨૦૧૭ ને ગુરૂવારના રોજ ''આર્ટસ કોલેજ લવાણા'' માં મતદાન જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોલેજના અધ્યાપક પ્રા.ડી.કે. રાજપુત અને પ્રા.એસ.બી. ડોહટએ મતદાનનું મહત્વ મતદાનમાં યુવાશક્તિનું યોગદાન, મતદાનમાં મહિલાઓનું સ્થાન તેમજ મતદાનમાં વર્તમાન સમયમાં પ્રામાણિકતા, ઉદારતા, સચ્ચાઈ અને શાંતિની પ્રસ્થાપના વિશે માહિતી આપી હતી. તદઉપરાંત પ્રથમ વખત થઈ રહેલ વીવીપેટ વિશે માહિતી આપી વિદ્યાર્થીઓને અભિમુખ કર્યા હતા. સદર કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીની વેણ ભારતીબેન અને ચૌધરી મનીષાબેને મતદાન મહત્વ વિશે પોતાના વિચારો રજુ કર્યા હતા. સદર કાર્યક્રમને બિરદાવતા કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ.યુ.કે.રાજપુત અને કોલેજના પ્રિન્સિપાલ વી.ટી.સાસુને કોલેજના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓને ઉત્સાહમાં વધારો કરી પ્રેરણા પુરી પાડી હતી.

# ડીસામાં સામાજીક સમરસતા દિવસની ઉજવણી

ડીસા

ગત તા. ૦૬/૧૨/૨૦૧૭ ના રોજ ડીસા ખાતે આવેલી એસ.એમ.જી.હાઈસ્કુલમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ડીસા શાખા દ્વારા ડૉ.ભીમરાવ આંબેડકરની પુણ્યતિથિ નિમિત્તે સમરસતા દિનની ઉજવણીના ભાગરૂપે રાણપુર એસ.એમ.જી. હાઈસ્કુલમાં અભ્યાસ કરતા અનુસુચિત તેમજ જરૂરિયાતમંદ વિદ્યાર્થીને સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# પ્રજાના હિત માટે હંમેશા લડત આપીશ: વિજય ચક્રવર્તી

**વડગામના પિલુચા ખાતે ભાજપની જાહેરસભા યોજાઈ**

પ્રતિ. પિલુચા

વડગામ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિજયભાઈ ચક્રવર્તી અને ભાજપના કાર્યકરાને પિલુચા ગામે જનસંપર્ક કાર્યક્રમમાં લોક સમર્થન સાંપડ્યું.

જનસંપર્કમાં પ્રધારેલ ભાજપના ઉમેદવાર વિજય ચક્રવર્તી, વડગામ ભાજપના પ્રમુખ પી.જે રાણા (કોદરામ) જિલ્લાસીટના ઈન્ચાર્જ રામજીભાઈ પટેલ (મેગાળ) સરપંચ વરસડા ગામના તેમજ



દિપક પંડ્યા(પેપોળ) પ્રતાપજી ઠાકોર(નાગરપુરા)જેવા મહાનુભાવોનું સ્વાગત પિલુચાના વતની અને વડગામ તાલુકા સીટના ઈન્ચાર્જ જસંવત ભાઈ.આર. શ્રીમાળી, પૂર્વ સરપંચ બાબુભાઈ.બી ચૌધરી, ભાજપના પૂર્વ ડેલીગેટ ગંગા બેન. જે શ્રીમાળી, કાંમરાજ ભાઈ. કે ચૌધરી, અનિલભાઈ ભાવસાર,

અનુસંધાન પાના નં.૨

# કેશાજી ચૌહાણને વિજયી બનાવવા હાકલ

તાલુકા પ્રતિનીધી દીઓદર

દીઓદર વિધાનસભા મતવિસ્તારમાં ભાજપના ઉમેદવાર અને વર્તમાન ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણને ફરીથી વિજયી બનાવવા આ પંથકની પ્રજાએ દ્રઢ નિર્ણય લીધો છે. કેશાજી ચૌહાણને ગામે ગામ વ્યાપક આવકાર મળી રહ્યો છે.



આજ રોજ ભાભર ખાતે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આવેલ જેમની સભામાં દીઓદર વિધાનસભા મત વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડેલ. ભાજપના પ્રમુખ પરાગભાઈ જોષી, ખજાનચી ભરતભાઈ અખાણી, ઈશ્વરભાઈ પટેલ, તથા ઉપ પ્રમુખ ભવાનજી ઠાકોર, યુવા મોરચાના પ્રમુખ નાગજીભાઈ દેસાઈ, મહામંત્રી ભરતભાઈ જોષી, ભાજપના અગ્રણી ઈશ્વરભાઈ પટેલ, ઈશ્વરભાઈ તરક, ડામરાભાઈ પટેલ, કાનાભાઈ સુથાર સહીતના આગેવાનોએ સૌને આવકારેલ. અને મોટી સંખ્યામાં જોડાવવા બદલ અભિનંદન આપેલ.

અનુસંધાન પાના નં.૨

# થરાદ વિધાનસભા બેઠકમાં પરબતભાઈ પટેલનું પ્રભુત્વ

**ચૂંટણીનું આગવું ગણીત અને વ્યુહરચના હરીફને હંફાવે છે**

થરાદ

થરાદ વિધાનસભા ભાજપના ઉમેદવાર પરબતભાઇ પટેલનું આગવું ચૂંટણી ગણિત અને એમની વ્યૂહરચના હરીફો પણ સ્વીકારી રહ્યા છે. જે એમનું અતિ અગત્યનું કહી શકાય તેવું જમા પાસુ છે. વળી, પક્ષમાંના જ તેમના રાજકીય હરીફોને પણ સમય આવ્યે તેમનું સ્થાન



વિષ્ણુ દવે

બતાવવા સક્ષમ છે. તે વાત પણ પરબતભાઈ પટેલે સાબિત કરી દીધી છે. ખાસ કરી ને થરાદના શહેરી વિસ્તારમાં તેમનું વર્ચસ્વ સહુ કોઈને સ્વીકારવું પડે એવું છે. શહેરી અને ગામડાઓ'ના વિકાસ માટે એમણે

અનુસંધાન પાના નં.૨















ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com
P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# કોંગ્રેસ સરકાર ઉધોગપતિઓની નહીં ગરીબોની હશે : રાહુલ

**રાહુલ ગાંધીના ફરી એકવાર મોદી અને ભાજપ પર આકરા પ્રહારો : રાફેલ ડીલ, અદાણી જૂથને જમીન ફાળવણી, નર્મદા પાણી સહિતના મુદ્દાઓને લઇ રાહુલે મોદી પર નિશાન સાધ્યુ**

અમદાવાદ

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તાજેતરમાં નોમીનેશન ફાઈલ કર્યા બાદ રાહુલ ગાંધીએ ફાઈનલ તબક્કાના ચૂંટણી પ્રચારમાં આજે છોટા ઉદેપુર, તારાપુર સહિતના સ્થળોએ જાહેરસભાઓ ગજવી કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરવાનો ભરપૂર પ્રયાસ કર્યો હતો. રાહુલ ગાંધીએ આજે તેમની પ્રચાર સભામાં જય સરદાર, જય ભવાની, જય ભીમ, જય આદિવાસીના નારા લગાવી લોકોને આશ્ચર્યમાં નાંખ્યા હતા, તો રાહુલે આજે પણ શિક્ષણ, ખેડૂતો અને રોજગાર સહિતના મુદ્દાઓને લઈ મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, મોદી સરકાર એ માત્ર ઉદ્યોગપતિઓની સરકાર છે, જયારે કોંગ્રેસની સરકાર આવશે એ ગુજરાતના ગરીબોની પોતાની સરકાર હશે આમ કહી રાહુલ ગાંધીએ આ વખતે વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના વિજયનો ફરી

અનુસંધાન પાના નં.૨

**પાલનપુર વિધાનસભા સીટ પર**

## સમાજના નામે ટીકીટ મેળવનાર લાલજી પ્રજાપતિને જીતના ફાંફા

**પક્ષને ગુમરાહ કરી કાવાદાવા કરનાર લાલજી પ્રજાપતિ સામે ભાજપમાં જ અસંતોષ**

પાલનપુર

પાલનપુર વિધાનસભા સીટ પર સમાજના નામે પક્ષને ગુમરાહ કરી ટીકીટ મેળવનાર ભાજપના ઉમેદવાર હવે જીત માટે ફાંફે ચડ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ભાજપ દ્વારા વિધાન સભાના ઉમેદવારો માટે જયારે કોન્સેસ લેવાની કવાયત હાથ ધરાઈ હતી. ત્યારે પોતે માજી ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિનું એકમાત્ર નામ મુકવાનું નાટક રચી સમાજને અને ખુદ ગોવિંદભાઈને છેતરનાર લાલજી પ્રજાપતિએ કોઈને પણ રજુઆત કરવાનો અવસર ન આપી ફૂલડીમાં ગોળ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જેને પગલે ટિકિટ વાંચ્છુ ઉમેદવારો સહિત તેમના ટેકેદારોમાં રોષની લાગણી પણ ફેલાઈ હતી.

જોકે, ટિકિટ વહેંચણીની અંતિમ ઘડીમાં ગોવિંદભાઈ પ્રજાપતિનું નામ કપાતા સમાજના નામે મોવડી મંડળનું નાક દબાવવા માટે પાલનપુરના હેલો પોઈન્ટ હોટલ ખાતે પ્રજાપતિ સમાજ પાસે અપક્ષ ઉમેદવારી નોંધાવવાની ધમકી આપી હતી. જેને પગલે તેઓ ટિકિટ મેળવવામાં સફળ રહ્યા હતા. જોકે, ટિકિટ મેળવ્યા બાદ હવે ચૂંટણી પ્રચાર અર્થે જતા લાલજી પ્રજાપતિને મળી રહેલા નબળા પ્રતિસાદથી તેઓને ખુદને પણ કેટલા વિસે સો થાય છે તે ખબર પડી જતા તેઓ જીતવા માટે હવાતીયા મારી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

**હવે મોદીના નામે કરવી પડશે વૈતરણી પાર**

પાલનપુર વિધાનસભા સીટ પર ભાજપ દ્વારા ઉમેદવાર પસંદગીમાં કાચું કપાયું હોવાનું ભાન થતા ભાજપ મોવડી મંડળ સમસમી ઉઠ્યું છે. ભાજપ માટે એ-વન ગણાતી સીટ લાલજી પ્રજાપતિ જેવા ઉમેદવારને પગલે સી ગ્રેડમાં આવી જતા ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લાંબુ થવું પડ્યું છે. હવે...પાલનપુર સીટ પર મોદીના નામે વૈતરણી પાર કરવી પડે તેમ હોઈ ૧૦મી ડિસેમ્બરે પી.એમ.નરેન્દ્ર મોદીની જાહેર સભા યોજવાની ભાજપને ફરજ પડી હોવાનું ખુદ ભાજપી કાર્યકરોમાં ચર્ચાસ્પદ બન્યું છે.

## રાધનપુર બેઠકના આયાતી ઉમેદવાર પ્રત્યે મતદારોનો રોષ અકબંધ

**મતદારોની નારાજગીથી ભાજપની જીત નિશ્ચિત**

ડીસા

રાધનપુર વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અલ્પેશ ઠાકોરની દાવેદારીને લઈ મતદારોની નારાજગી મતદાનના અંતિમ ચરણોમાં પણ જળવાઈ રહી છે. જેના કારણે આ બેઠક ઉપર ભાજપની જીત નિશ્ચિત બની ગઈ છે.

સામાજીક દૂષણો દુર કરવાની મોટી - મોટી વાતો કરીને આખરે રાજકારણના મેદાનમાં કુદી પડેલા અલ્પેશ ઠાકોરની દાવેદારીને મતદારો હજુ સુધી પચાવી શક્યા નથી. તેથી મતદાન આડે હવે ગણતરીના દિવસો બાકી છે તેમ છતાં મતદારોની નારાજગી દીન - પ્રતિદિન વધી રહી છે.મતદારો એક સુરે તે બહારનો હોઈ ચૂંટાયા પછી શોધવો ક્યાં ? તેવું જણાવી રોષ ઠાલવી રહ્યાં છે.

આયર સમાજની વોટ જોઈતા નથી તેવુ બેધડક કહેતા આયર સમાજમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે તો અલ્પેશ ઠાકોર જીતેતો રાધનપુરમાં ધાકધમકીના વાતાવરણ સાથે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે ? તેવો ભય પણ મતદારોને સતાવી રહ્યો છે. તેથી સોશ્યલ મીડીયામાં અલ્પેશ ઠાકોરની ક્યાંક હાજરી જોવા મળતી નથી જેના કારણે કોંગ્રેસ ઉમેદવારને મતદારોનો જાકારો મળતા આ બેઠક ઉપર ભાજપની જીત પાકી હોવાનું રાજકીય પંડીતો જણાવી રહ્યાં છે.

## વડગામ બેઠકના અપક્ષ ઉમેદવાર જિજ્ઞેશ મેવાણીનો સાચો ચહેરો બહાર આવ્યો

**રાહુલની જાહેરસભાના પોસ્ટરમાં જિજ્ઞેશ મેવાણીની તસ્વીર**

(પ્રતિનિધિ) છાપી

વડગામ વિધાનસભા મત વિસ્તારમાં હાર દેખી ગયેલા અપક્ષ ઉમેદવાર જિજ્ઞેશ મેવાણીએ આખરે કોંગ્રેસનું શરણું લીધું છે. જેથી આજે શનીવારે કાણોદર ખાતે બપોરે ૧૨ કલાકે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની સભાનું તાબડતોબ આયોજન કરાયું છે. તેમ છતાં તેમના પ્રત્યે મતદારોની નારાજગી યથાવત રહેવા પામી છે.

કોંગ્રેસનો ગઢ ગણાતી વડગામ વિધાનસભા બેઠક ઉપર અચાનક આયાતી ઉમેદવાર જિજ્ઞેશ મેવાણીએ દાવેદારી નોંધાવતા જ મત વિસ્તારમાં વિરોધનો વંટોળ સર્જાયો છે. રાષ્ટ્ર વિરોધી નીતિઓના કારણે હવે મતદાન આડે ગણતરીના



દિવસો બાકી રહ્યાં છે તેમ છતાં તેમને ઠેર ઠેર જાકારો મળી રહ્યો છે. તેથી હાર ભાળી જતા અગાઉ કોંગ્રેસના નામથી 'એલર્જી' અનુભવતા જિજ્ઞેશ મેવાણીએ આખરે કોંગ્રેસનો સહારો મેળવી ફટાફટ કાણોદર ખાતે રાહુલ ગાંધીની જાહેર સભાનું

અનુસંધાન પાના નં.૨

## કોંગ્રેસ સમાજના તમામ વર્ગની ચિંતા કરે છે : ગોવાભાઈ રબારી

**મત વિસ્તારના ગામોમાં લોકોનું સ્વયંભૂ સમર્થન**

ડીસા

ડીસા તાલુકાના કંસારી, ગુગળ, પમરૂ, ઝેરડા, બાઈવાડા, મહાદેવિયા, આખોલ, રસાણા નાના વગેરે ગામોનો ઝંઝાવતી લોકસંપર્ક કરી કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઈ દેસાઈએ ભાજપના ભ્રષ્ટ શાસનને ઉખાડી ફેંકવાની હાકલ કરી હતી.



ડીસા વિધાનસભા મત વિસ્તારમાં લોકચાહના ધરાવતા કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઈ દેસાઈએ પોતાના ધારાસભ્ય પદના કાર્યકાળ દરમ્યાન અનેક પ્રજાલક્ષી વિકાસ કામો કર્યા છે જેથી તેમના કામો બોલે છે. જેના કારણે મત વિસ્તારના ગામોમાં

અનુસંધાન પાના નં.૨

## પાલનપુરના ધારાસભ્ય વિપક્ષની ભૂમિકા ભજવવામાં અસફળ

પાલનપુર

પાલનપુર વિધાનસભા સીટ પર કૉંગ્રેસે પોતાના સીટીંગ ધારાસભ્ય ને રિપીટ કર્યા છે. જેઓ ગત ટર્મમાં અસરકારક વિપક્ષની ભૂમિકા ભજવવામાં પણ નિષ્ફળ રહ્યા હતા. જેને પગલે ખુદ કૉંગી કાર્યકરો સહિત પ્રજાજનોમાં કચવાટની લાગણી ફેલાઈ છે.

પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલને અહેમદ પટેલની રાજ્યસભાની ચૂંટણીમાં વફાદારી દાખવવા બદલ કૉંગ્રેસને રિપીટ કરવાની ફરજ પડી છે. બાકી તેઓ પોતાના કાર્યકાળ દરમિયાન પ્રજાકીય પ્રશ્નોને ઉજાગર કરી વિપક્ષની અસરકારક ભૂમિકા ભજવી કૉંગ્રેસને જનજન સુધી પહોંચાડવામાં નિસ્ફળ રહ્યા છે.

ભાજપ સાથેની દોસ્તીના દાવે મહેશ પટેલ રાજ્યની ભાજપ સરકાર અને ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના ભ્રષ્ટ વહીવટને ઉજાગર કરવામાં પણ ઉણા ઉતર્યા છે. ત્યારે તેઓને રિપીટ કરવા એ પાર્ટીની રાજકીય મજબૂરી બની હતી. પરંતુ મતદારોને હાલમાં કોઈ મજબૂરી ન હોઈ તેઓ "મહેતો મારેય નહી અને ભણાવે પણ નહીં" તેવા ધારાસભ્યને રિપીટ કરવાના મૂડ માં ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેને લઈને કૉંગ્રેસ છાવણી ચિંતાતુર બની છે.








